નંબર યુએમકે-એસકે-૩૪૩૭.—અત્રેની કચેરીના હુકમ નં. એજીએચ-કયુએલ-રેતી-૯૨-૧૧૩૦, તારીખ ૨૪મી ફેબ્રુઆરી ૧૯૮૪ થી શ્રી વણજારા હેમતાજી દુધાજી રે. હિમતનગરને નીચેની વિગતે સાબરકાંઠા જિલ્લામાં રેતી, કંકર ખનિજની કવોરીલીઝ ત્રણ વર્ષના પટ્ટે મંજુર કરવામાં આવેલ.

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર
સાબરકાંઠા	ઈડર	દાવડ	ડેભોલ નદી પટ્ટ પૈકી	હે.આરે.ચો.મી. ૨ ૦૦ ૦૦

ઉકત કવોરીલીઝ હુકમની શરત-૧ મુજબ અરજદારે હુકમની તારીખથી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લીધેલ છે. પરંતુ રીન્યુઅલ નામંજુર કરવામાં આવેલ છે.

ગુજરાત ગૌણ ખનિજધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) આ અન્વયે મળેલ સત્તાની રૂએ કલેકટર સાબરકાંઠા અને સક્ષમ અધિકારીશ્રી ઉપરોકત પત્રકમાં જણાવેલ વિસ્તાર ગેઝેટમાં પ્રસિધ્ધ થયાની અસરથી ફરી ખાણકામ માટે ઉપલબ્ધ જાહેર કરવામાં આવે છે.

હિમતનગર, તારીખ ૨૧મી ફેબ્રુઆરી ૧૯૯૪.

એસ. સી. સનેહી,
કલેકટર, સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 34 REGISTERED No. G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, FEBRUARY 25, 1994 / PHALGUNA 6, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ ૩૭ (૧)(૩) મુજબનો.

ક્રમાંક એસ. બી./૩-ગપક/જાહેરનામું/૭૧૨/૯૪.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકૂમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હીરાલાલ (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની) કલમ-૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ, ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૬મી ફેબ્રુઆરી ૧૯૯૪ ના ક. ૦૦-૦૦ થી તારીખ ૧૨મી માર્ચ, ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાનયાત્રાઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મે આજ તારીખ ૨૫થી ફેબ્રુઆરી ૧૯૯૪ના રોજ મારી સહી કરી સીકકો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 35 REGISTERED No. G-BA-1

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, MARCH 1, 1994 / PHALGUNA 10, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) બી મુજબનો.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૭૨૫/૯૪.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી, સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેનાં કારણે સુલેહ શાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબજ જરૂરી હોય તેથી.

હું હીરાલાલ (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે શહેરનાં પોલીસ કમિશનર, વિસ્તારમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૪ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૪ નાં કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાઓ, વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહિ, અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહિ.

મે આજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪ ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૭૨૬/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું હીરાલાલ (આઈ. પી. એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા સારૂ આથી હું ફરમાવું છું કે, વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર, વિસ્તારમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૪ ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૪ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.

(ક) કોઈ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક અને તેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહી.

(ખ) પથ્થરો અથવા ફેકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહિ.

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહિ.

(ઘ) કોઈ શબ આકૃતિ કે પુતળા દેખાડવા નહિ.

INDEX

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહિ.

(છ) અપમાન કરવાનાં ઈરાદાથી કે બદનામ કરવાનાં ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહિ. અથવા ટોળામાં ફરવું નહી.

(જ) જેનાથી સુરૂચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી તેવા ચિત્રો પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી. અગર ફેલાવો કરવો નહી.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

૧. સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથીયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

૨. જિલ્લા મેજિ. અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો ભંગ કોઈપણ ખડ અથવા ઉલ્લંઘન કરનારને ઈ. પી. કો. કલમ-૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪ ના રોજ મારી સહી કરી સીકકો કરી આપેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 36

REGISTERED No. G—BA-14-E



The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXV] WEDNESDAY, MARCH 2, 1994 / PHALGUNA 11, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY DISTRICT MAGISTRATE

Notification

PREVENTION, OF ANTISOCIAL ACTIVITIES ACT, 1985.

No. MAG/DET/PASA/1/94.—Whereas the detention order under sub section (*1*) of section-3 of the Gujarat Prevention of Anti-Social Activites Act, 1985 has been made by the District Magistrate Mehsana under No. DET/PASA/1/94, dated 8th January 1994, in respect of Shri Harshadkumar Natvarlal Thakar, residing at Upalisheri Sidhpur, Taluka Sidhpur.

And whereas the District Superintendent of Police Patan has reported that the said person has absconded or is concealing himself so that the aforesaid detention order cannot be executed.

And whereas the District Magistrate has reason to belive that the aforesaid person has absconded concealing himself so that the detention order cannot be executed.

Now, therefore, in exercise of the powers conferred by section -8(1), 8(2) (*a*) and (*b*) of the Gujarat Prevention of Anti Social Activities Act, 1985, the District Magistrate Mehsana hereby directs the said Shri Harshadkumar Natvarlal Thakar to appear before the said Superintendent of Police Patan at his office at Patan within a period of 30 days from the date of the publication of this order in the official Gazette.

Mehsana, 23rd February 1994.

S. K. LANGA,
District Magistrate,
Mehsana.

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબતના અધિનિયમ, ૧૯૮૫.

નંબર એમએજી/ડીઈટી/પાસા/૧/૯૪.—જિલ્લા મેજિસ્ટ્રેટ મહેસાણાએ શ્રી હર્ષદકુમાર નટવરલાલ ઠાકર રે. ઉપલીશેરી, સિદ્ધપુર તા. સિદ્ધપુરના સબંધે ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબતના

INDEX

અધિનિયમ, ૧૯૮૫ ની કલમ ૩ (૧) હેઠળ અટકાયત હુકમ નં. ડીઈટી/ પાસા/૧/૯૪ તારીખ ૮મી જન્યુઆરી ૧૯૯૪ થી કરેલ છે.

અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી પાટણે, જણાવેલ છે કે, ઉપરોકત વ્યકિત ભાગી છુટેલ છે અથવા સદરહુ હુકમ બજી શકે નહીં એટલા માટે સંતાતો ફરે છે.

અને મને ખાત્રી પણ કરવામાં આવેલ છે કે, સદરહુ ઈસમ ફરાર થયેલ છે અથવા સદરહુ અટકાયત હુકમ પોતાના ઉપર બજી શકે નહીં એટલા માટે સંતાતો ફરે છે.

તેથી, હવે, ગુજરાત અસામાજિક પ્રવૃત્તિઓ અટકાવવા બાબતના અધિનિયમ ૧૯૮૫ ની કલમ ૮ (૧), ૮(૨) (અ) અને (બી) થી મળેલ અધિકારીની રૂએ જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા સદરહું શ્રી હર્ષદકુમાર નટવરલાલ ઠાકર રે. ઉપલીશેરી, સિદ્ધપુર તા. સિદ્ધપુરએ આ જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસમાં જિલ્લા પોલીસ અધિકારીશ્રી પાટણની રૂબરૂમાં તેમની કચેરીમાં હાજર થવાનું ફરમાવે છે.

મહેસાણા, તારીખ ૨૩મી ફેબ્રુઆરી ૧૯૯૪.

એસ. કે. લાંગા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, મહેસાણા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 37 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, MARCH 7, 1994 / PHALGUNA 16, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયે.

ક્રમાંક પોલ/જાહેરનામા/વશી ૧૧૫૧થી ૧૧૮૬/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧)(ક) અન્વયે મળેલ સત્તાની રૂએ, હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા જિલ્લામાં અનામત પ્રથાના વિરોધમાં જુદા જુદા કાર્યક્રમો થતા હોવાથી જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૪થી માર્ચ ૧૯૯૪ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૪ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદૂક, છુરા, લાકડી કે લાઠી અથવા શારીરીક ઈજા પહોંચાડી શકાય તેવુ કોઈપણ સાધન લઈ જવું નહીં ;

(ખ) કોઈ ક્ષયકારી પદાર્થ કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં,

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી વસ્તુઓ અને ફેંકવાના કે ધકેલવાના યંત્રો, સાધનો લઈ જવા નહીં, કે એકઠા કરવા નહીં કે તૈયાર કરવા નહીં ;

(ઘ) મનુષ્યો, શબો અથવા આકૃતિઓ અથવા પૂતળા દેખાડવા નહીં ;

(ઙ) આપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સુત્રો પોકારવા નહીં અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં ;

(ચ) જેનાથી સૂરૂચી નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહીં તથા તેવા ચિત્રો-પત્રિકા, પ્લેકાર્ડ, અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બનાવવી નહી, તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ-(ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી:

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી વ્યકિતને તેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ પણ હથિયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જેણે શારિરીક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય, તે વ્યકિત.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછી ચાર માસની અને વધુમાં વધુ એક વર્ષની કેદની સજાને પાત્ર થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૧૩૫(૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ ૧૯૯૪ના રોજ મારી સહી કરી અને સીક્કો કર્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

ક્રમાંક એમ. એ. જી./વશી ૧૧૮૭ થી ૧૨૨૨/૯૪.—વડોદરા જિલ્લામાં અનામત આંદોલનના વિરોધમાં જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવતા હોવાથી જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુ માટે વડોદરા જિલ્લામાં પોલીસ કમિશનરશ્રી, વડોદરા (શહેર), વડોદરાના હકુમત હેઠળ સિવાયના વિસ્તાર એટલે કે, વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુવેહ, શાંતિ અને સલામતી જાળવણી અત્યંત જરૂરી હોય, વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂર જણાયું છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨ મા) અધિનિયમની કલમ ૩૭ પેટા- કલમ (૩) થી મને મળેલી સત્તાની રૂએ હું, જે. એન. અમીન, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારમાં તારીખ ૪થી માર્ચ, ૧૯૯૪ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૪ ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.
(૨) સભા ભરવી કે બોલાવવી નહીં.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને;
(૨) કોઈ લગ્નના વરઘોડાને;
(૩) ફરજ પર હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને;
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને;
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે, એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ ૧૩૫ ની પેટા કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ (સને ૧૮૬૦ ના ૪૫ માં) ની કલમ-૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૩જી માર્ચ ૧૯૯૪ના રોજ મારી સહી /સિક્કા કરી આપ્યો.

જે. એન. અમીન,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 36 REGISTERED No. G—[illegible]

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, MARCH 9, 1994 / PHALGUNA 18, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧)વશી/૯૯૪/૯૪.—ભારતીય કિસાન સંઘ તરફથી વીજ વધારા અનુસધાને "ના કરનું" આંદોલન તથા રમઝાન માસ ચાલતો હોઈ તેમજ તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૪ના રોજ મહાશિવરાત્રીનો પર્વ તથા તારીખ ૧૪મી માર્ચ ૧૯૯૪ના રોજ રમઝાન ઈદનો તહેવાર આવતો હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, શ્રી પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રુઈએ, તારીખ ૧લી માર્ચ ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઇ ફરમાવું છું :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું ;

(૨) પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું ;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું ;

(૪) કોઇ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું ;

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળાં દેખાડવાનું, સૂત્રો પોકારવાનું, અથવા અસ્લીલ ગીતો ગાવાનું ;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, જેનાથી સૂરુચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનો.

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઇ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય ;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલા કોઇપણ અધિકારીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ ;

૩. કોઇ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો ચૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા જે તે વિસ્તારના સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ-શ્રીએ, અગાઉથી લેખિતમાં મંજૂરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિમતનગર.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયે.

નંબર પીઓએલ./જાહેરનામું/૩૭(૩) વશી. ૯૯૪/૯૪.—ભારતીય કિસાન સંઘ તરફથી વીજ વધારા અનુસંધાને 'ના કરનું' આંદોલન તથા રમઝાન માસ ચાલતો હોઈ તેમજ તારીખ ૧૦મી માર્ચ ૧૯૯૪ના રોજ મહા શિવરાત્રીનો પર્વ તથા તારીખ ૧૪મી માર્ચ ૧૯૯૪ના રોજ રમઝાન ઈદનો તહેવાર આવતો હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧લી માર્ચ ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો :—

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ -૧૮૬૦ ના ૪૫મા અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
સાબરકાંઠા, હિમતનગર.

———

સરકારી પ્રેસ, વડોદરા.

INDEX

Extra No. 39 REGISTERED No. GBA-16E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, MARCH 11, 1994 / PHALGUNA 20, 1915

Separate paging is given to each part of the Supplement to the Central and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

સને ૧૯૫૧ના મુંબઈના પોલીસ અધિનિયમની કલમ-૩૩ ની પેટાકલમ (૧) બી હેઠળ નિયમ

આખરી જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક એફ/ટફક /ઉગપક/જાહેરનામું /૨૫૧/૪૪૬૦/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ના (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૩ની પેટા-કલમ (૧) (બી) થી મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુનિસિપલ કમીશનરશ્રીની હદ વિસ્તારમાં આવેલ ગોરવા ગામ સામે રીફાઈનરી રોડ પર સ્મશાનના ઝાંપાથી ૧૫ ફૂટ દૂર છોડી સ્મશાનની દિવાલને અડીને પશ્ચિમ તરફ પાંચ ટેમ્પા થોભાવવા લોકોને ભય અગર સગવડ ન થાય અને ટ્રાફીક વાહન વ્યવહાર સરળતાથી પસાર થાય તે હેતુથી પાંચ ટેમ્પા પાર્કીંગ સ્ટેન્ડ અંગે નિયમ કરૂં છું.

મેં આજ તારીખ ૨જી માહે માર્ચ સને ૧૯૯૪ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

સને ૧૯૫૧ના મુંબઈના પોલીસ અધિનિયમની કલમ-૩૩ની પેટા-કલમ (૧) (બી) હેઠળ નિયમ.

ક્રમાંક એફ/ટફક/ઉગપક/જાહેરનામું/૨૫૨/૪૪૬૧ / ૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૩ની પેટા કલમ (૧) (બી) હેઠળ મળેલ સત્તાની રૂએ બહાર પાડવા ધારેલા જાહેરનામાનો મુસદ્દો તેનાથી અસર થતાં લાગતા-વળગતા તમામની જાણ માટે પ્રસિધ્ધ કરવામાં આવે છે કે સદરહુ જાહેરનામું ગુજરાત સરકારશ્રીના (ગેઝેટમાં) રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ (ત્રીસ) દિવસની અંદર કોઈ પણ વ્યકિત તરફથી સુચનો વાંધાઓ પોલીસ કમિશનરશ્રી, વડોદરા શહેર તરફ લેખીત મોકલી આપવામાં આવશે તો તે અંગે યોગ્ય વિચારણા કરવામાં આવશે.

પ્રાથમિક જાહેરનામાનો મુસદ્દો

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૩ની પેટા કલમ (૧) બી થી મળેલ સત્તાની રૂએ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આવેલ ફતેગંજ મેઈન રોડ પરના રસ્તા પર લોકોને ભય અગર સગવડ ન થાય અને વાહન વ્યવહારને સરળતાથી પસાર થવામાં કોઈ મુશ્કેલી કે અવરોધ ઉભો થાય તે હેતુથી કૃતિ એપાર્ટમેન્ટ પાસેથી દક્ષિણમાં

આવેલ હોટલ કલ્યાણ સુધીના રસ્તા પરના રોડની કિનારીને અડીને એકી—બેકી તારીખે પાર્કિંગ—નો પાર્કિંગ ફકત લાઇટ અને બે પૈડાના વાહનો પુરતાજ મર્યાદિત રહેશે.

તેમજ પાર્કીંગના દિવસે પણ તેજ વિસ્તારમાં રોડ પર આવતી શેરી—ગલીઓ, ધાર્મિક સ્થળો, દવાખાના, પોલીસ ચોકી, સ્ટેશન અને શાળા, કોલેજ થી ૫ (પાંચ) મીટર અને જંકશનથી પંદર (૧૫) મીટર તથા એસટી/રીક્ષા/ટેક્ષી સ્ટેન્ડની બંને બાજુએ ૧૫-૧૫ મીટર નો પાર્કિંગ રહેશે.

અનુ. નંબર	જગ્યા	વિગત
૧	ફત્તેગંજ મેઈન રોડપર આવેલ મેથોડીસ્ટ ચર્ચની બાજુમાં હોટલ કલ્યાણથી ફતેગંજ વુડા ઓફીસ તરફ જતા કુતિ એપાર્ટમેન્ટ સુધીના રોડ પર રોડની પશ્ચિમ તરફ ફુટપાથની કિનારીને અડીને એકી તારીખ ૧-૩-૫-૭-૯ ના રોજ તમામ પ્રકારના વાહનો માટે	પાર્કિંગ
૨	સદર જગ્યાએ બેકી તારીખ ૨-૪-૬-૮-૧૦ના રોજ નો પાર્કિંગ તમામ પ્રકારના વાહનો માટે	
૩	સદર જગ્યા ફત્તેગંજ મેઈન રોડની પુર્વ તરફ ફુટપાથની કિનારીને અડીને બેકી તારીખ ૨-૪-૬-૮-૧૦ ના રોજ તમામ પ્રકારના વાહનો માટે	પાર્કિંગ
	અને સદર જગ્યાએ એકી તારીખ ૧-૩-૫-૭-૯ ના રોજ તમામ પ્રકારના વાહનો માટે	નોપાર્કિંગ

મેં આજ તારીખ ૨જી માહે માર્ચ સને ૧૯૯૪ ના રોજ મારી સહી તથા સિકકો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

INDEX

Extra No. 40 REGISTERED No. G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, MARCH 11, 1994 / PHALGUNA 20, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક/૫/જીજી-/ ક્યુએલ/ રીગ્રાન્ટ/૧.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ, તેમની કચેરીના આદેશ નંબર જીજી/ક્યુએલ/ગ્રેવેલ/૧૩૦-૩૯૮૮, તારીખ ૨૦મી ડિસેમ્બર ૧૯૮૮, જે અન્વયે શ્રી દિલીપકુમાર અજમેલભાઈ, પગી જીવાજી હરજીજી વણઝાર ,મોજે કોલવણ તાલુકો લુણાવાડાના સર્વે નંબર ૩, ૨ ને લાગુ મહી નદી પટ્ટ પૈકી ૩-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી ગ્રેવેલ ખનીજ કાઢવા ત્રણ વરસથી મુદતથી ક્વોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૯મી ડિસેમ્બર ૧૯૮૮થી મંજુર કરી આપવામાં આવેલ હતું. જેનું કરાર ખત તારીખ ૫મી એપ્રિલ ૧૯૮૯ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામા આવેલ હતુ. જેની મુદત તારીખ ૪થી એપ્રિલ ૧૯૯૨ ના રોજ પુરી થયેલ છે.

" પટ્ટેદારશ્રી ની ક્વોરીલીઝ રીન્યુઅલ અરજી નામંજુર કરેલ હોવાથી "

જેથી, હવે, ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮(૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ ૧	તાલુકો ૨	જિલ્લો ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫
			૩, ૨ ને	(હેકટરમાં)
કોલવણ	લુણાવાડા	પંચમહાલ	લાગુ મહી નદી પટ્ટ પૈકી	૩-૦૦-૦૦

ગોધરા, તારીખ ૩જી માર્ચ, ૧૯૯૪.

અરુણ એસ. સુતરીયા (I. A. S.),
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Extra No. 41 REGISTERED No. G—BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, MARCH 16, 1994 / PHALGUNA 25, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામુ

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬ના ૧૮ (૧) (ગ).

સેન્ટ્રલ નંબર ઉમકબ/એજીપી/ક્યુએલ/૪૭૪/૯૧.—બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના મોજે રાજકોટ ગામનો સ.નં. ૧૧૧ પૈકી ૨,૦૦,૦૦ હેકટર વિસ્તારમાંથી માર્બલ/ચાઈમસ્ટોન ખનીજ કાઢવા માટેની જાનકી મિનરલ્સ પ્રા. લી. પાલનપુરને આ કચેરીના હુકમ નંબર એજીએમ/ક્યુએલ/૪૭૪/૯૧/૨૬૫૧થી ૨૬૫૫ તારીખ ૨૭મી મે ૧૯૯૨, તારીખ ૫મી મે ૧૯૯૨ થી ૧૦ (દશ) વર્ષની મુદત માટે કવોરી લીઝ મંજુર કરવામાં આવેલ હતું. સદર મંજૂરી હુકમની શરત (૧) પ્રમાણેની કાર્યવાહી હાથ ન ધરવા માટે ઉપરોકત હુકમ આપો-આપ રદ થતા હવે ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬ ના નિયમ ૧૮ (૧) (ગ) હેઠળ ઉપરોકત વિસ્તાર આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ફરીથી આપવા માટે ઉપલબ્ધ થઈ શકશે એમ કલેકટર, બનાસકાંઠાએ જાહેર કરેલ છે.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	લીઝ માટે ફરીથી ઉપલબ્ધ થતો વિસ્તાર
૧	૨	૩	૪	૫
બનાસકાંઠા	ધાનેરા	રાજકોટ	૧૧૧ પૈકી	૨-૦૦-૦૦ હેકટર

નોંધ:— જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસ બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે જેથી આ શરતે આ વિસ્તાર જાહેર જનતા માટે ખુલ્લો જાહેર કરવામાં આવે છે.

પાલનપુર, તારીખ ૧લી ડિસેમ્બર ૧૯૯૩.

બી. કે શાહ,
કલેકટર, બનાસકાંઠા.

Supple C. G. I—Extra—41/1

PRINTED AT THE GOVERNMENT PRESS VADODARA.

INDEX

Regd. No. 42 REGISTERED No. G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, MARCH 16, 1994 / PHALGUNA 25, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧)(૩) મુજબનો.

ક્રમાંક એસ. બી./ઉ-૧૫૫/જાહેરનામું/૮૯૯/૯૪.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકૂમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું, હીરાલાલ (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ, ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૪મી માર્ચ ૧૯૯૪ ના ક.૦૦-૦૦ થી તારીખ ૨૮મી માર્ચ, ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહી અગર સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહી.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

આપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાન યાત્રાઓને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૮૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મે આજ તારીખ ૧૩થી માર્ચ ૧૯૯૪ના રોજ મારી સહી કરી સીકકો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૯૧૧/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, હીરાલાલ (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા સારૂ આથી હું ફરમાવું છું કે, વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર, વિસ્તારમાં તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.

(ક) કોઈ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક અને તેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહી.

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહિ.

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહિ.

(ઘ) કોઈ શબ આકૃતિ કે પુતળા દેખાડવા નહિ.

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહિ.

(છ) અપમાન કરવાનાં ઈરાદાથી કે બદનામ કરવાનાં ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહિ. અથવા ટોળામાં ફરવું નહી.

(જ) જેનાથી સુરૂચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી તેવા ચિત્રો પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી. અગર ફેલાવો કરવો નહી.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

૧. સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથીયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અગર હથીયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને.

૨. જિલ્લા મેજિ. અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો ભંગ કોઈપણ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને ઈ. પી. કો. કલમ-૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી ફેબ્રુઆરી ૧૯૯૪ ના રોજ મારી સહી કરી સીકકો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ ના ૨૨માં અધિનિયમની કલમ ૩૭ (૧) બી મુજબનો હુકમ.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૯૧૨/૯૪.— વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી, સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેનાં કારણે સુલેહ શાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબજ જરૂરી હોય તેથી.

હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૭(૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે શહેરનાં પોલીસ કમિશનર, વિસ્તારમાં તારીખ ૧૬મી માર્ચ ૧૯૯૪ ના કલાક ૦૦-૦૦થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪ નાં કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાઓ, વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહિ, અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહિ.

મેં આજ તારીખ ૧૫મી માર્ચ ૧૯૯૪ ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 43

REGISTERED No. G-BA-IN B

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXV] SATURDAY, MARCH 19, 1994 /PHALGUNA 28, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ.

નં. પીઓએલ/વશી-૧૪૪૬.—ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ન્યુ એસ. એસ. સી, પરીક્ષા તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૪ થી તારીખ ૫મી એપ્રિલ ૧૯૯૪ અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા તારીખ ૨૯મી માર્ચ ૧૯૯૪ થી તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૯૪ દરમ્યાન ખેડા જિલ્લાના નીચે જણાવેલ જુદા જુદા કેન્દ્રોમાં યોજવામાં આવનાર છે. તેમજ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (રાજ્ય), નડિયાદ દ્વારા પરીક્ષા કેન્દ્રોના મુખ્ય મકાન અને પેટા-મકાનની યાદી અત્રે તારીખ ૧૭મી માર્ચ ૧૯૯૪ના રોજ રજુ કરવામાં આવેલ છે.

અનુ. નંબર	કેન્દ્ર	પરીક્ષા કેન્દ્રના મુખ્ય મકાન અને પેટા-મકાનની વિગત
૧	૨	૩
૧	આણંદ	૧. કસ્તુરબા કન્યા વિદ્યાલય, આણંદ. ૨. ડી. એન. હાઈસ્કૂલ, આણંદ ૩. અધ્યાપન મંદિર, આણંદ. ૪. ડી. એન. ઉ. મા. વિ. કોલેજ, મકાન આણંદ.
૨	આંકલાવ	૧. આંકલાવ માધ્યમિક વિભાગ, આંકલાવ ૨. આંકલાવ ઉ. મા. વિભાગ, આંકલાવ.

INDEX

૧	૨	૩
૩	બાલાસિનોર	૧. પી. વી. વિદ્યાલય, બાલાસિનોર. ૨. એમ. એન્ડ ઓ શેઠ હાઈસ્કુલ, બાલાસિનોર. ૩. ઓચ્છવલાલ હાઈસ્કુલ, બાલાસિનોર.
૪	ભાલેજ	૧. ભાલેજ હાઈસ્કુલ, ભાલેજ. ૨. ઉ. મા. સંકુલ વિભાગ, ભાલેજ. ૩. પ્રાથમિક શાળા, ભાલેજ.
૫	બીરપુર	૧. સી. એમ. દેસાઈ હાઈસ્કુલ, બીરપુર.
૬	બોરસદ	૧. જે. ડી. પટેલ હાઈસ્કુલ, મેડા ઉપર બોરસદ. ૨. જે. ડી. પટેલ હાઈસ્કુલ, નીચે બોરસદ. ૩. બી. એડ. કોલેજના કાર્યાલય પાછળ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોરસદ. ૪. જે. ડી. આર. પટેલ કન્યા હાઈસ્કુલ, બોરસદ. ૫. એજ્યુકેશન કોલેજ બોરસદ., ૬. સી. જે. પટેલ. પ્રાથમિક શાળા, બોરસદ.
૭	ડાકોર	૧. જી. ડી. ભટ્ટ, મેમોરિયલ હાઈસ્કૂલ, ડાકોર. ૨. સંસ્થાન હાઈસ્કુલ, ડાકોર, યુનિટ-૧ તથા ૨.
૮	કપડવંજ	૧. શેઠ એમ. પી. મ્યુનિસિપલ હાઈસ્કુલ, કપડવંજ. ૨. સી. એન. વિદ્યાલય, કપડવંજ.
૯	કઠલાલ	૧. શેઠ એમ. આર. હાઈસ્કુલ, કઠલાલ ૨. અધ્યાપન મંદિર, કઠલાલ.
૧૦	ખંભાત	૧. શ્રી માધવલાલ શાહ હાઈસ્કુલ, ખંભાત. ૨. શ્રી માધવલાલ શાહ હાઈસ્કુલ, ખંભાત, યુનિટ-૨. ૩. એસ. ડી. કાપડીયા હાઈસ્કુલ, ખંભાત. ૪. એસ. ડી. કાપડીયા હાઈસ્કુલ ખંભાત પીળુ મકાન. ૫. એસ. કે. વાઘેલા હાઈસ્કુલ, ખંભાત ૬. એસ. ઝેડ. વાઘેલા હાઈસ્કુલ, ખંભાત.
૧૧	ખેડા	૧. એચ. એન્ડ ડી. પારેખ હાઈસ્કુલ, ખેડા.
૧૨	મહેમદાવાદ	૧. જે. એચ. સોનાવાલા હાઈસ્કુલ, મહેમદાવાદ. ૨. જ્ઞાનજ્યોત હાઈસ્કુલ, મહેમદાવાદ. ૩. સૌજન્ય હાઈસ્કુલ, મહેમદાવાદ.
૧૩	મહુધા	૧. એમ. કે. એમ. હાઈસ્કુલ, મહુધા. ૨. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મહુધા.
૧૪	નડીયાદ (શહેર)	૧. સર્વોદય વિદ્યામંદિર, નડીયાદ. ૨. બી. પી. હાઈસ્કુલ, નડીયાદ. ૩. ન્યુ ઈંગ્લીશ સ્કુલ ફોર ગર્લ્સ, નડીયાદ. ૪. સંતરામ ગર્લ્સ હાઈસ્કુલ, નડીયાદ. ૫. ભગત એન્ડ સોનાવાલા, નડીયાદ. ૬. ડી. પી. દેસાઈ હાઈસ્કુલ, નડીયાદ. ૭. મણીબા ગર્લ્સ હાઈસ્કુલ, નડીયાદ ૮. સરદાર પટેલ હાઈસ્કુલ, નડીયાદ. ૯. સંતરામ મ્યુનિ. શાળા નં. ૧, નડીયાદ. ૧૦. ન્યુ ઈંગ્લીશ સ્કુલ, મોગલકોટ, નડીયાદ.

INDEX

૧	૨	૩
૧૫	નડીયાદ (સ્ટેશન)	૧. ન્યુ ઈંગ્લીશ સ્કુલ સ્ટેશન બ્રાન્ચ યુનિટ-૧ તથા યુનિટ-૨, નડીયાદ. ૨. જીવન વિકાસ નડીયાદ, યુનિટ-૧ તથા યુનિટ-૨. ૩. શાળા નંબર-૧૮.
૧૬	નાર	૧. બી. આર. એલ. હાઈસ્કુલ, નાર ૨. એલ. સી. પટેલ કન્યા વિદ્યાલય, નાર ૩. પ્રાથમિક કન્યા શાળા, નાર. ૪. શ્રીમતિ કે. એમ. પટેલ બાલમંદિર, નાર.
૧૭	પેટલાદ	૧. એન. કે. હાઈસ્કુલ, મકાન ૧, ૨, ૩. ૨. આર. કે. વિદ્યાલય, પેટલાદ. ૩. વિનય મંદિર, પેટલાદ. ૪. ન્યુ એજ્યુકેશન બોઈઝ હાઈસ્કુલ, પેટલાદ ૫. ન્યુ એજ્યુકેશન ગર્લ્સ હાઈસ્કુલ, પેટલાદ.
૧૮	સારસા	૧. એમ. વી. એસ. હાઈસ્કુલ, સારસા ૨. ઝેડ. એસ. જી. હાઈસ્કુલ, સારસા. ૩. પ્રાથમિક શાળા, સારસા
૧૯	ઉમરેઠ	૧. એચ. એમ. દવે હાઈસ્કુલ, ઉમરેઠ. ૨. જ્યુબીલી હાઈસ્કુલ, ઉમરેઠ. ૩. ગર્લ્સ ઈન્સ્ટીટ્યુશન હાઈસ્કુલ, ઉમરેઠ.
૨૦	વિદ્યાનગર	૧. આર. પી. ટી. પી. વિજ્ઞાન પ્રવાહ, વિદ્યાનગર, યુનિટ-૧. ૨. આઈ. પી. ટી. પી. સાયન્સ કોલેજ, વિદ્યાનગર યુનિટ-૨. ૩. ટી. વી. પટેલ સામાન્ય પ્રવાહ, વિદ્યાનગર.
૨૧	વસો	૧. એ. જે. હાઈસ્કુલ, વસો. ૨. જીબાબા કન્યા વિદ્યાલય, વસો. ૩. કે. પી. અમીન અંગ્રેજી સ્કુલ, વસો. ૪. મોતી મંદિર, વસો.
૨૨	ઠાસરા	૧. જે. એમ. દેસાઈ હાઈસ્કુલ, ઠાસરા.
૨૩	અલીન્દ્રા	૧. એમ. એસ. પટેલ વિદ્યાલય, અલીન્દ્રા. ૨. સલુણ સાર્વજનિક સલુણ પેટા કેન્દ્ર, સલુણ. ૩. પ્રાથમિક શાળા, અલીન્દ્રા.
૨૪	ભાદરણ	૧. કન્યા વિદ્યાલય, ભાદરણ ૨. કન્યા વિદ્યાલય, પ્રાથમિક ભાદરણ. ૩. આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ભાદરણ. ૪. વિનય મંદિર, ભાદરણ. ૫. ટી. બી. હાઈસ્કુલ, ભાદરણ.
૨૫	વાસદ	૧. સરદાર પટેલ વિનય મંદિર, વાસદ.
૨૬	પાંડવા	૧. બી. ડી. માયાવંશી, ઉ. બુ. વિ. પાંડવા. ૨. પંચશીલ કુમાર છાત્રાલય, પાંડવા. ૩. આશ્રમશાળા, યુનિટ-૧ ૪. આશ્રમશાળા, યુનિટ-૨.
૨૭	માતર	૧. સર્વોદય વિનય મંદિર, માતર. ૨. પ્રાથમિક કુમાર શાળા, માતર.
૨૮	અકલાયા	૧. સરસ્વતી વિદ્યામંદિર, અકલાયા. ૨. પ્રાથમિક શાળા, અકલાયા
૨૯	ચાંગા	૧. બી. એ. પટેલ હાઈસ્કુલ, ચાંગા. ૨. સી. એ. પટેલ હા. વિભાગ, ચાંગા.
૩૦	કરમસદ	૧. સરદાર પટેલ હાઈસ્કુલ, કરમસદ.

ઉપરોકત બંને જાહેર પરીક્ષાનું સંચાલન સરળતાથી અને સ્વાભાવિક રીતે થાય. વિદ્યાર્થીઓ શાંતિપૂર્વક પરીક્ષા આપી શકે તેમજ સુલેહ શાંતિનો ભંગ ન થાય અસામાજિક તત્વોનો ત્રાસ, ભય વગર ખંડ નિરીક્ષકો કાર્ય કરી શકે, કોઈપણ ગેરરીતિ માટે પ્રલોભન ઉભા ન થાય તે જાહેર હીતમાં આવશ્યક છે.

વાસ્તે હું, ગીરીશચંદ્ર મુર્મુ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ નીચે મને મળેલ સત્તાની રૂઈએ ન્યુ. એસ. એસ.સી. અને ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર, પરીક્ષાના ઉપરોકત સંબંધીત કેન્દ્ર માં તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૪ થી તારીખ ૫મી એપ્રિલ, ૧૯૯૪ અને તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૪ થી ૧૨મી એપ્રિલ, ૧૯૯૪ સુધી (બંને દિવસો સુદ્ધાંત) પરીક્ષાના દિવસો દરમ્યાન સવારના ૮-૦૦ કલાકથી સાંજના ૨૦-૦૦ કલાક દરમ્યાન.

INDEX

(૧) પરીક્ષા આપવા આવનાર વિદ્યાર્થી (Bonafide) પરીક્ષા લેનાર, એકઝામીન, ફરજ પરના સરકારી અમલદારો અને કર્મચારીઓ કે અધિકારીઓ કે જેઓને બોર્ડ તરફથી ફરજ માટે નિમણુંક આપવામાં આવી હોય તેમને તેમજ ફરજ માટે મુકેલા પોલીસના માણસો અને અધિકૃત અધિકારીશ્રીઓ સિવાય કોઈએ પ્રવેશ કરવો નહીં.

(૨) કોઈપણ વ્યકિતએ લાઠી અગર ઈજા થાય તેવા કોઈપણ હથિયારો સાથે લઈ ફરવું નહીં.

(૩) પરીક્ષા કેન્દ્ર ના મુખ્ય મકાન અને પેટા-મકાનની આજુબાજુની ૨૦૦ (બસો) મીટરની ત્રિજયામાં ચાર કરતાં વધારે માણસોએ એકઠા થવું નહીં.

આજ, તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. ચી. ખુર્શ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 45 REGISTERED No. G—BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, MARCH 21, 1994 / PHALGUNA 30, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૧૪૭૨.—આગામી દિવસોમાં હોળી, ધુળેટીના તહેવાર આવતા હોઈ તથા ન્યુ એસ. એસ. સી./ એચ. એસ. સી. ની પરીક્ષા શરુ થનાર હોઈ જિલ્લાની પરિસ્થિતિને ધ્યાનમાં લઈ કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉક્ત કાયદાની કલમ ૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૪ થી તારીખ ૩જી એપ્રિલ ૧૯૯૪ સુધી. (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું:—

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખ ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ એકઠા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) જેનાથી સુરુચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું તથા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવુ કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યુ હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 46 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, MARCH 21, 1994/ PHALGUNA 30, 1915

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતી અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે.

નંબર પીઓએલ/પરક્ષ/લિ૦ અને હોર્ડ૨/૯૪.—ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા સને ૧૯૯૪ ના વર્ષની ધારણ-૧૦ની ન્યુ. એસ. એસ. સી. ની પરીક્ષા તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૪ થી શરૂ થનાર છે. જે પરીક્ષા તારીખ ૫મી એપ્રિલ ૧૯૯૪ સુધીના સમય દરમ્યાન લેવાનાર છે.

સદરહુ ન્યુ. એસ. એસ. સી. પરીક્ષાના સમયે પરીક્ષા સ્થળ ઘણા લોકો ભેગા થવા સંભવ છે. જેના કારણે જાહેર સલામતી જળવાઈ રહે અને પરીક્ષા સંચાલનની કામગીરી શાંતિથી થાય અને જાહેર સુલેહ શાંતિના ભંગ થતા અટકાવવાનું મને ઈષ્ટ જણાય છે.

વાસ્તે હું, ડી. વી. ગઢવી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર પ્રાંતિજ મને મળેલ સત્તાની રૂએ આથી ફરમાવું છું કે, તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૪ થી તારીખ ૫મી એપ્રિલ ૧૯૯૪ સુધી બંને દિવસો સહિત સવારે ૧૦-૦૦ કલાકથી સાંજના ૧૮-૦૦ કલાક સુધી નીચે જણાવેલ સ્થળોએ ૨૦૦ (બસો) મીટરની ત્રિજ્યામાં ગામના કે બહારના માણસોએ ચાર કે તેથી વધારે એકઠા થવા અથવા ભેગા થવું નહી કે કોઈ સરઘસ કાઢવું નહી કે બીજો કોઈ દાહક પદાર્થ લઈ જવો નહી.

સ્થળ

(૧) શેઠ પી. એન્ડ આર. હાઈસ્કુલ, પ્રાંતિજ
(૨) એકસપરીમેન્ટલ હાઈસ્કુલ, પ્રાંતિજ
(૩) આવર ઓન હાઈસ્કુલ, પ્રાંતિજ
(૪) પી. ટી. સી. કોલેજ, પ્રાંતિજ
(૫) શ્રીમતી આર. એન. સંઘવી હાયર સેકન્ડરી સ્કુલ, પુંસરી
(૬) શ્રી સી. આર. ભગત હાઈસ્કુલ, હરસોલ
(૭) શ્રી ભૈરવનાથ વિદ્યામંદિર, મજરા
(૮) શ્રી સી. ડી. પટેલ હાઈસ્કુલ, તલોદ
(૯) સંસ્કારભારતી વિદ્યાલય, રામપુર આમોદા
(૧૦) ભાર્ગવ ઉ. બુ. વિદ્યાલય, પ્રાંતિજ
(૧૧) આદર્શ પ્રાથમિક શાળા મજરા
(૧૨) પુંસરી બિન કેન્દ્ર શાળા, પુંસરી

ખુલાસો :

આ હુકમ જે માણસ પરીક્ષા સંચાલનની કામગીરીમાં રોકાયેલ હોય, પરીક્ષા સમય દરમ્યાન પરીક્ષા અંગે સરકારી ફરજ ઉપર હોય, જે વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા માટે આવેલ હોય તેમને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

મેં આજ તારીખ ૧૭મી માર્ચ ૧૯૯૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

ડી. વી. ગઢવી,
એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ, પ્રાંતિજ.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 47 REGISTERED No. G—BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, MARCH 22, 1994 / CAITRA 1, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધા.—(૧) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો અત્રેના હુકમ નં. પીઓએલ-વશી-૧૪૪૬, તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૪.

સુધારા હુકમ

નંબર પીઓએલ-વશી-૧૫૫૦.—આમુખ (૧) ના હુકમ અન્વયે આગામી તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૪થી ૧૫મી એપ્રિલ, ૧૯૯૪ ના સમય દરમ્યાન લેવાનાર ન્યુ એસ. એસ. સી. અને તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૪થી ૧૨મી એપ્રિલ, ૧૯૯૪ સુધી લેવાનાર ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષાઓ ખેડા જિલ્લામાં લેવાનાર કેન્દ્રોના મકાનોના વિસ્તારને પ્રતિબંધીત કરવા સબંધી ફોજદારી કાર્ય-રીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયેનો હુકમ બહાર પાડેલ છે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, નડીઆદના તારીખ ૧૯મી માર્ચ, ૧૯૯૪ ના પત્રથી જણાવ્યા મુજબ એસ. એસ. સી. પરીક્ષામાં વિદ્યાર્થી સંખ્યાની વધ-ઘટને કારણે તથા જે તે કેન્દ્રની સ્થાનિક પરિસ્થિતિને લક્ષમાં લેતાં નીચે પ્રમાણેના પરિશિષ્ટ-અ મુજબના કેન્દ્રો સામે જણાવેલ મકાનનો ઉમેરો કરવા અને પરિશિષ્ટ-બ માં જણાવેલ કેન્દ્રો સામેના મકાનને રદ કરવા જણાવેલ છે.

પરિશિષ્ટ-અ

અનુ. નંબર	કેન્દ્રનું નામ	લેવાયેલ નવા મકાનનું નામ
૧	૨	૩
૧	આંકલાવ	... ૧. આંકલાવ હાઈસ્કૂલ, પ્રાથમિક વિભાગ, આંકલાવ, તાલુકો બોરસદ
૨	બીરપુર	... ૧. સી. એમ. દેસાઈ હાઈસ્કૂલ, બીરપુર, તાલુકો બાલાસિનોર, ઉ. મા. વિભાગ.
૩	કઠલાલ	.... ૧. શેઠ એમ. આર. હાઈસ્કૂલ, પ્રાથમિક વિભાગ, કઠલાલ, તાલુકો કપડવંજ.
૪	મહુધા	... ૧. નાગરિક સહકારી બેંક કન્યા વિદ્યાલય, મહુધા, તાલુકો નડીયાદ.
૫	નડીયાદ (સ્ટેશન)	... ૧. મ્યુનિસિપલ હાઈસ્કૂલ, મીશનરોડ, નડીયાદ.
૬	પેટલાદ	... ૧. સરદાર પટેલ હાઈસ્કૂલ, પેટલાદ ૨. ન્યુ. એજ્યુ. હાઈસ્કૂલ, પ્રાથમિક વિભાગ, પેટલાદ.

INDEX

પરિશિષ્ટ—બ

અનુ. નંબર	કેન્દ્રનું નામ	રદ થયેલ મકાનનું નામ
૧	૨	૩
૧	આણંદ	૧. ડી. એન. હાઈ. ઉ. મા. વિભાગ, આણંદ.
૨	બોરસદ	૧. બી. એડ. કોલેજ કાર્યાલય પાછળનું મકાન, આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, બોરસદ.
૩	કપડવંજ	૧. સી. એન. વિદ્યાલય, કપડવંજ
૪	ખંભાત	૧. એસ. ઝેડ. વાઘેલા હાઈસ્કૂલ, ખંભાત.
૫	મહેમદાવાદ	૧. સૌજન્ય હાઈસ્કૂલ, મહેમદાવાદ.
૬	નડીઆદ (શહેર)	૧. ભગત એન્ડ સોનાવાલા હાઈસ્કૂલ, નડીઆદ. ૨. રા. પ. હાઈસ્કૂલ, નડીઆદ. ૩. ન્યુ ઈંગ્લીશ સ્કૂલ, મોગલકોટ, નડીઆદ.
૭	પેટલાદ	૧. ન્યુ એજ્યુકેશન હાઈસ્કૂલ, પેટલાદ
૮	વિદ્યાનગર	૧. ટી. વી. પટેલ સામાન્ય પ્રવાહ, વિદ્યાનગર
૯	અલીન્દ્રા	૧. સલુણ સાર્વજનિક હાઈસ્કૂલ સલુણ, તાલુકો નડીઆદ.
૧૦	ભાદરણ	૧. ટી. બી. હાઈસ્કૂલ, ભાદરણ

ઉપરોકત વિગતે આમુખ (૧) ના હુકમમાં સુધારો કરી ઉકત પરિશિષ્ટ-અ માં જણાવેલ કેન્દ્રની સામેના મકાનોનો સમાવેશ કરવા તેમજ પરિશિષ્ટ-બ માં જણાવેલ કેન્દ્રની સામેના મકાનોને રદ કરવા આથી સુધારા હુકમ કરવામાં આવે છે.

આજ તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. સી. મુર્મુ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 48 REGISTERED No. G—BA-14-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXV] WEDNESDAY, MARCH 23, 1994 / CAITRA 2, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી-૧૬૧૬.—આગામી દિવસોમાં હોળી, ધુળેટીનો તહેવાર આવતો હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ-૩૭ (૩) મુજબ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ગીરીશચંદ્ર મુર્મુ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માં)ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂઈએ ફરમાવું છું કે, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૨૪મી માર્ચ ૧૯૯૪ થી તારીખ ૩૧મી માર્ચ ૧૯૯૪ સુધી (બંને દિવસો સુદ્ધાંત) ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહીં, ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર:—સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ/રસ્તાની ફૂટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે વ્યકિતઓ સરકારી ફરજ પરની કામગીરીએ હોય, ફરજ પરના હોમગાર્ડઝ, મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫માં અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૧મી માર્ચ ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. સી. મુર્મુ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 49 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, MARCH 24, 1994/ CAITRA 3, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયેનુ.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧)/૯૪.—તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૪ થી તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૯૪ સુધી એસ.એસ.સી. તથા એચ.એસ.સી. ની પરીક્ષાઓ લેવાનાર હોઈ તેમજ હોળી-ધુળેટીનો તહેવાર તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૪ તથા તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૪ના રોજ ઉજવનાર હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે :—

વાસ્તે, હું, શ્રી પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો હિમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રુઇએ, તારીખ ૧૯મી માર્ચ ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું ;

(૨) પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું ;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું ;

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું ;

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળાં દેખાડવાનું, સૂત્રો પોકારવાનું, અથવા અશ્લીલ ગીતો ગાવાનું ;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, જેનાથી સૂરુચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનો

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય ;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈપણ અધિકારીશ્રીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ ;

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા જે તે

INDEX

વિસ્તારના સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ, અગાઉથી લેખિત મંજૂરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.

૪. આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિમતનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ./જાહેરનામું/૩૭(૩)/૯૪.—તારીખ ૨૧મી, માર્ચ ૧૯૯૪ થી તારીખ ૧૨મી એપ્રિલ ૧૯૯૪ સુધી એસ.એસ.સી. તથા એચ.એસ.સી.ની પરીક્ષાઓ લેવાનાર હોઈ તેમજ હોળી, ધુળેટીનો તહેવાર તારીખ ૨૬મી માર્ચ ૧૯૯૪ તથા તારીખ ૨૭મી માર્ચ ૧૯૯૪ના રોજ ઉજવનાર હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે :—

વારતે, હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો હિમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ, આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૯મી માર્ચ ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨જી એપ્રિલ ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો :—

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ના ૪૫મા અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૮મી માર્ચ ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 50 REGISTERED No. G-31-11-7

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, MARCH 25, 1994 / CAITRA 4, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation.

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક : એસ.બી / ઉગપક/જાહેરનામું/૧૦૧૭/૯૪.—આગામી હોળી અને ધુળેટીના તહેવારો દરમ્યાન જાહેર જગ્યાઓએ જતા આવતા રાહદારીઓ તથા વાહનોમાં જતા આવતા શખ્સો ઉપર કાદવ તથા રંગ મિશ્રિત પાણી તથા તેલ ઈત્યાદી વસ્તુ ફેંકવાની શકયતા છે.

અને તેવા કૃત્યોથી લોકોને ત્રાસ / ત્રાસ અથવા ઈજા થવાનો અથવા જાહેર સુલેહ શાંતિનો ભંગ થવાની તથા બખેડો કે હુલ્લડ થવાનો સંભવ છે.

અને તેની ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ મુજબ પગલાં લેવા માટે પુરતુ કારણ. અને તેમ થતું તાત્કાલિક અટકાવવાનું ઈચ્છનીય છે. એવો મારો અભિપ્રાય છે.

તેથી હું લીગલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર ફોજદારી કાર્યરીતિ અધિનિયમ સને ૧૯૭૩ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે વડોદરા શહેરમાં પોલીસ કમિશનરના હુકમથી લેઠળના [illegible] તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ વ્યકિત[illegible] જતા રાહદારીઓ ઉપર યા મકાનો તથા મિલ્કતો [illegible] જતા આવતા શખ્સો ઉપર કાદવ અને કેચડ, [illegible] રંગ મિશ્રિત પાણી યા તેલ તથા બીજી કોઈ વસ્તુ નાંખી કે ફેંકાવવી નહીં, અથવા હોળી ધુળેટીના પૈસા ઉઘરાવવાના [illegible] કોઈ ઈસમોથી જાહેર રસ્તા ઉપર જતા આવતા રાહદારીઓ [illegible] વાહનો રોકવા નહિ.

આ હુકમનો ભંગ કરનાર [illegible] ભારતનાં ફોજદારી અધિનિયમ, (સને ૧૯૬૦ના [illegible] ૪૫) કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૩મી [illegible] મારી સહી કરી સિક્કો મારેલ છે.

લીગલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ અને ત્યારબાદની કલમ-૩૩ (૧) (૨) મુજબ

ક્રમાંક એસ.બી./ઉગયક/વડોદરા શહેર/૯૪.—વડોદરા શહેરમાં આનંદ પ્રમોદ અને સહેલગાહ માટે મુત્સદ્દી તળાવમાં નાગરિકો નૌકાવિહાર કરે છે. પરંતુ નૌકાવિહાર દરમ્યાન થયેલ હોડી હોનારતના બનાવનાં કારણે નૌકાવિહાર જનજીવનની સલામતી માટે ભયરૂપ અને જોખમી બનેલ છે.

જેથી જાહેર જનતાની સલામતી અને મુત્સદ્દી તળાવમાં નાગરિકો કે અન્ય સંસ્થાઓ દ્વારા યોજાતી નૌકાવિહાર તથા અન્ય કાર્યક્રમો ઉપર નિયંત્રણ મુકવું ખુબ જ જરૂરી હોઇ વડોદરા શહેર પોલીસ કમિશનર વિસ્તારમાં મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૩૩(૧) (૨) મુજબ મને મળેલ સત્તાની રૂએ હું હીરાલાલ (આ.ઇ.પો. એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેરને જાહેર જનતાના જાન-માલની સલામતી અર્થે આથી ફરમાવું છું કે,

વડોદરા શહેરની મુત્સદ્દી તળાવની હદોમા વિસ્તારમાંથી કોઈપણ ઈસમો સંસ્થા કે વ્યક્તિઓનો કબ્જો નીચે / મોટરબોટ કે પાણી ઉપર ચાલતા કોઈપણ વાહન મુત્સદ્દી તળાવમાં રાખી ઉતારી પોતાનાં માટે કે જાહેર જનતા માટે પોતાના મુલ્યે કે મુલ્ય લઈ નૌકા વિહાર કે પાણીનાં અન્ય કોઈ કાર્યક્રમ કરવા કે કરાવવાની તારીખ ૨૫મી માર્ચ, ૧૯૯૪નાં કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી એટલે કે ૬ માસ સુધી બંધી ફરમાવું છું.

અપવાદ.—આ હુકમમાંથી મુત્સદ્દી તળાવમાં ડુબતા કે તણાતા વ્યકિતઓને બચાવવા અંગેની ફરજ બજાવતા ફાયર બ્રીગેડનાં લશ્કરો તથા પોલીસ/હોમગાર્ડનાં માણસો અને તરવૈયાને તેમજ એન.સી.સી. ક્રુ ઉેટ બોર્ટીંગ ટ્રેનીંગ માટે તથા સોન્ટર્સ સંસ્થા બોર્ટીંગ તેમજ બચાવ કામગીરીની તાલીમ માટે મુકિત આપવામાં આવે છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર ઈસમ વિરૂધ્ધ બોમ્બે પોલીસ એકટ કલમ-૧૩૧ની જોગવાઈ અનુસાર શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે.

મેં આજ તારીખ ૨૪મી માર્ચ, ૧૯૯૪નાં રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 51 REGISTERED No. G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SATURDAY, APRIL 2, 1994 / CAITRA 12, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧)(૩) મુજબનો.

ક્રમાંક એસ. બી./ઉ-ગપક/જાહેરનામું/૧૦૮૯/૯૪.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકૂમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

પરિશિષ્ટ

ગામ ૧	તાલુકો ૨	જિલ્લો ૩	સર્વે નંબર ૪	વિસ્તાર ૫ (હેકટરમાં)
ચોરાડુંગરી	કાલોલ	પંચમહાલ	૧૦૭, ૧૦૫, ૧૦૮ ને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી	૧-૪૩-૩૬

ગોધર, તારીખ ૨૬મી એપ્રિલ ૧૯૯૪.

અરુણ એસ. સુતરીયા, (I. A. S.),
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

Supple. C. G. I.—Extra—68/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 69 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, MAY 9, 1994 / VAISAKHA 19, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

જાહેરનામું

નંબર ટપાલ/કોલેરા/વશી/૧૫૫૩ થી ૧૫૫૭/૯૪.—જિલ્લા કલેકટર સાહેબ વડોદરાના ક્રમાંક નં. ઉમક/વ/એમઈડી/કોલેરા/વશી/૧૬૬૧થી ૭૦/૯૪, તારીખ ૫મી મે ૧૯૯૪ થી પાદરા તાલુકાના ગામેઠા ગામને કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના આઠ કિ. મી.નો વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે. તેમજ સદરહુ જાહેરનામામાંથી મામલતદારશ્રી, પાદરાનાને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવેલા હોઈ, અને કોલેરા રેગ્યુલેશન એકટ હેઠળ મળતી સત્તા હેઠળ તમામ ફરજો બજાવવા આદેશ થયેલ છે.

આથી હું, શ્રી સી. આર. ચૌહાણ, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી, પાદરા, કોલેરા રેગ્યુલેશનની કલમ ૨, ૩, ૪ અન્વયે મળેલી સત્તાની રૂએ ફરમાવું છું કે આ પાદરા તાલુકાના ગામેઠા તથા તેની આજુબાજુના આઠ કિ. મી. ના વિસ્તારના તમામ રહીશોએ હુકમની તારીખથી દિન ૧૫ ની અંદર કોલેરા પ્રતિબંધક રસી મુકાવી લેવી.

૧. પાદરા તાલુકાના વિસ્તારના દરેક ઈસમોએ જાતે અથવા પોતાના નિકટ અથવા વાલીપણા હેઠળ હોય તેવાઓને આ હુકમથી ૧૫ દિવસ અંદર કોલેરા સામે રક્ષણ મેળવવા કોલેરા નાબુદી રસ મુકાવવી, જે શખ્સ રજિસ્ટર અથવા વેક્ષીનેટર પાસે ઉપરના હુકમના છ માસ દરમ્યાન કોલેરાની રસી મુકાવ્યાનો સર્ટીફીકેટ રજુ કરશે તેઓને આ હુકમથી બાકાત કરવામાં આવશે.

૨. દરેક શખ્સે પોતાના અને જોડેના ઘરમાં તેમના જાણમાં આવેલ કોઈ શખ્સને કોલેરા લાગુ પડયો છે તેમ જણાય તો પોલીસ પટેલ પાસે, મેડીકલ ઓફીસર/તાલુકા વિકાસ અધિકારી, તથા અમો નીચે સહી કરનારને તાત્કાલિક ખબર આપવી.

૩. પીવાના કામ માટે વપરાતા પાણીના કુવા તેમજ જળાશયોમાં કોઈએ સ્નાન કરવું નહી અને નજીકમાં ઉકરડા નાંખી ગંદકી કરવી નહી.

૪. જે કોઈ મકાનમાં રહેતા ઈસમો રોગથી પિડીત જણાય તો મકાન સાફ કરી ધોઈ નાખવું.

૫. ઉપયોગમાં ન હોય તેવા કુવા તળાવના પાણીનો પીવાના પાણી તરીકે ઉપયોગ કરવો નહી.

૬. પાકી ગયેલાં તથા સડી ગયેલા ફળ-ફળાદી તથા વાસી બગડેલા શાકભાજી ઉપયોગમાં લેવાં નહી.

INDEX

પાણી જવાના સાધનો, સંડાસની સફાઈ ઉપર પુરતું ધ્યાન આપી માખીનો ઉપદ્રવ ન થાય તેની કાળજી રાખવી, પીવાના પાણીમાં જંતુનાશક દવા નાખી પીવાનું પાણી ગરમ કરી પીવાના ઉપયોગમાં લેવું.

૮. જાહેર સ્થળો કે માર્ગો ઉપર ગટર મોરી કે ડબક ખુલ્લું રાખી ગંદા પાણીનો નિકાલ કરી ગંદકી કરવી નહીં. બાળકોને જાહેર રસ્તા કે ખુલ્લી જગ્યામાં ઝાડો કરવા બેસાડવા નહી અને ગંદકી કરવી નહી.

૯. દર્દીઓના કપડાં તથા તેના ઝાડા ઉલટીથી બગડેલા કપડાં નદી, નાળાં કે જળાશયો ઉપર ધોવા નહી.

૧૦. કોઈપણ હોટલ રેસ્ટોરન્ટ, વિશીવાળા કે મીઠાઈઓ વાળાએ ખાદ્ય પદાર્થ વેચનાર કોઈપણ ઈસમે આવા પદાર્થો ખુલ્લા રાખી માખી બેસી શકે તેવી રીતે વેચવા નહી.

આ હુકમનો ભંગ કરનાર શખ્સને ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ તહોમતદાર ગણી છ માસની કેદ અથવા રૂા. ૧૦૦૦ (એક હજાર પુરા) દંડ અથવા બંને સજાને પાત્ર રહેશે.

આ જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી ત્રણ માસ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ દઠ્ઠી મે ૧૯૯૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાને જાણ માટે પ્રસિદ્ધ કર્યું છે.

સી. આર. ચૌહાણ,
મામલતદાર અને કોલેરા
નિયંત્રણ અધિકારી, પાદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 72 REGISTERED No. G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, MAY 18, 1994 / VAISAKHA 28, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

ગુજરાત ગૌણ ખનિજ અધિનિયમ, ૧૯૬૬.

નંબર ઉમકખ/એ. જી. કે. /ક્યુએલ/૯૪(૯૩)/૬૮૭;—શ્રી નેશનલ ક્યોરી વર્કર્સ, કપડવંજની મોજે દનાદરા તાલુકા કપડવંજ ના સ. નં. ૩૨૬ પૈકીમાં ૫ હેકટર વિસ્તાર બ્લેકટ્રેપ ખનિજ માટે ક્યોરી લીજ મંજુર કરવામાં આવેલ હતું.

સદરહુ બાબતે અરજદારશ્રીને મંજુર થયેલ ક્યોરીલીજનું સમયમર્યાદામાં કરારખત કરવામાં આવેલ ન હોવાથી મંજુર થયેલ હુકમ રીવોકડ (પાછો ખેંચવો) કરવામાં આવેલ હતો.

આથી ગુજરાત ગૌણ ખનિજ નિયમો, ૧૯૬૬ના નિયમ ૧૮(૧) (સી) હેઠળ પરિશિષ્ટમાં જણાવેલ વિસ્તાર તારીખ ૧૫મી મે ૧૯૯૪ની અસરથી ફેરઉપલબ્ધ માટે ખુલ્લો મુકવામાં આવે છે. તે અગાઉ આવેલ અરજીઓ અપરિપકવ ગણી નામંજૂર કરવામાં આવે છે.

પરિશિષ્ટ

જિલ્લો	તાલુકો	ગામ	સર્વે નંબર	વિસ્તાર	ખનિજ
ખેડા	કપડવંજ	દનાદરા	૩૨૬	૫ ૦૦ ૦૦ હેકટર	બ્લેકટ્રેપ

ખેડા, તારીખ ૨૯મી એપ્રિલ, ૧૯૯૪.

જી. સી. મૂરમુ,
કલેકટર, ખેડા.

Supple. C. G. I—Extra—72/1
PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 73 REGISTERED No. G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, MAY 20, 1994 / VAISAKHA 30, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૪૪(૪) મુજબનો.

નંબર પી. ઓ. એલ./ વશી/૨૬૬૫.—તારીખ ૨૨ મે ૧૯૯૪ના રોજ બકરી ઈદનો તહેવાર હોવાથી તે તહેવાર અંગે ગાય, બળદ, વાછરડી ભેંસ પાડો કે પાંડુ બકરી કે બકરો અ તથા અન્ય કોઈ પશુની કત્તલ ખાના બહાર કે જાહેર જગ્યામાં અથવા જાહેર જગ્યાએથી ગલીમાંથી જોઈ શકાય તેવી જગ્યામાં કત્તલ કરવાના કૃત્યથી જાહેર કૃત્યોથી જાહેર શાંતી જોખમાય તેવો સંભવ રહેલો છે.

વળી, આ અંગે સુલેહભંગના ના જોખમાય તે માટે સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ ૧૪૪(૪) મુજબ તકેદારીના પગલાં લેવા માટે પુરતાં કારણો હોવાથી હું જે. એમ. લુણી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૭૩ના ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૪ના બીજા અધિનિયમની કલમ-૧૪૪(૪) મુજબ મને મળેલ અધિકારની રએ આ ઉપરથી હુકમ કરું છું કે, તારીખ ૧૯મી મે, ૧૯૯૪ થી તારીખ ૨૧મી મે ૧૯૯૪ સુધી (બંને દિવસો સુધ્ધાંત) ખેડા જિલ્લામાં કત્તલખાનાના બહાર કે જાહેર જગ્યામાં અથવા જાહેર જગ્યાએથી કે ગલીમાં જોઈ શકાય તેવી જગ્યાએ ગાય, બળદ, વાછરડો, વાછરડી, પાડો, પાડી, પાડું બકરી કે બકરો તથા અન્ય કોઈ [illegible] નહી તેમજ કત્તલ કરેલા પ્રાણીઓના અવશેષો તથા તેનું માંસ જાહેરમાં રાખવું નહીં.

મેં, આજ તારીખ ૧૭મી મે ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયેનો.

નંબર પી. ઓ. એલ./વશી-૨૭૨૨.— આગામી તારીખ ૨૨મી મે, ૧૯૯૪ના રોજ બકરી ઈદનો તહેવાર અંગે તારીખ ૨૫મી મે, ૧૯૯૪ના રોજ ડાકોર ખાતે પુર્ણીમાંને અનુલક્ષીને કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છિય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનાશીલ અને સંવેદનાશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ ૩૭(૧) મુજબ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

INDEX

વાસ્તે, હું જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૯મી મે ૧૯૯૪ થી તારીખ ૩૧મી મે ૧૯૯૪ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

૧. હથીયાર તલવાર, ભાલા, ધોકા, બંદુંક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ, બીજા હથીયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું ;

૨. કોઈ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું ;

૩. પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ઘકેલવાના યંત્રો અથવા સાધનો લઈ એકઠા તથા તૈયાર કરવાનું ;

૪. મનુષ્યો અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું ;

૫. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું ;

૬. જેનાથી સુરચિ અથવા નિતીનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો પ્રતિકો, કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું બનાવવાનું તથા ફેલાવો કરવાનું.

વિસ્તાર —સમગ્ર ખેડા જિલ્લો

અપવાદ —આ હુકમનો ખંડ (૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

૧. સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથીયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથીયાર લઈ જવાની જેની ફરજ હોય,

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી, કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીશ્રીએ કે જેને શારિરીક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાંનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૭મી માહે મે, ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 74 REGISTERED No. G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, MAY 20, 1994 / VAISAKHA 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયેનો.

નંબર પીઓએચ/વધી-૨૭૯૮.—આગામી તારીખ ૨૨મી મે ૧૯૯૪નાં રોજ બકરી ઇદ (ઇદ-ઉલ-ઝોહા)નો તહેવાર આવતો હોઇ, જેના અનુસંધાનમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઇ રહે અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઇ અવરોધ પ્રવર્તાવાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ ૩૭ (૩) મુજબ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ગીરીશચંદ્ર મુર્મુ, આઇ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માં)ની કલમ-૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રૂઇએ ફરમાવું છું કે, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૨૦મી મે ૧૯૯૪ થી તારીખ ૨૫મી મે ૧૯૯૪ સુધી (બંને દિવસો સુદ્ધાંત) ચાર કરતાં વધુ માણસોએ એકત્ર થવું નહીં, ચાર કરતા વધુ માણસોની કોઇ સભા ભરવી કે બોલાવવી નહીં અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર—સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ/રસ્તાની ફૂટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે વ્યકિતઓ સરકારી ફરજ પરની કામગીરીએ હોય, ફરજ પરના હોમગાર્ડઝ, સરઘાતર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહિ.

આ હુકમના ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ની કલમ-૧૩૫ હેઠળ અથવા બીજાના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫મા અધિનિયમ) ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મે આજ તારીખ ૧૭મી મે ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. સી. મુર્મુ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 75 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, MAY 20, 1994 / VAISAKHA 30, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલિસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧)(૩) મુજબનો.

ક્રમાંક એસ. બી./ઉ-ગપક/જાહેરનામું/૧૭૧૫/૯૪.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, પી. એલ. જાની (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ, હું, ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૦મી મે ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩જી જૂન, ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓએ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

આપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાન યાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ, સને ૧૯૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૯મી મે ૧૯૯૪ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

પી. એલ. જાની,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

જાહેરનામું

ક્રિમીનલ પ્રોસીજર કોડ ૧૯૭૩ ની કલમ નીચે કાઢેલ.

ક્રમાંક એસ.બી/ ઉગપક / જાહેરનામું / ૧૭૧૬/૯૪.— આગામ બકરી ઈદનાં તહેવારનાં દિવસે કોઈપણ જાહેર કે ખાનગી સ્થળ અગર તે કતલખાનાની બહાર આંખલા, બળદ, પાડા ભેંસ, બકરાં કે અન્ય

INDEX

કોઈપણ પશુની કતલને કારણે જાહેર સુલેહશાંતિનો ભંગ થવાનો સંભવ જણાય છે. અને તેમ થતું અટકાવવાનું ઈચ્છનીય છે. તેથી તેની મને ખાત્રી થઈ છે કે ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ (એકટ નં. ૨ અને ૧૯૭૪) ની કલમ ૧૪૪ મુજબ અટકાયત પગલાં લેવા માટે પુરતાં કારણો છે.

આથી હું પી. એલ. જાની (આઈ. પી. એસ.) પોલીસ કમિશ્નર, વડોદરા શહેર ઉપરાંત ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩ (એકટ નં. ૨ સને ૧૯૭૪) ની કલમ ૧૪૪ મુજબ મને મળેલ સત્તાની રુએ ફરમાવું છુ કે,

વડોદરા શહેરનાં પોલીસ કમિશ્નરની હદમાં આવેલ સમગ્ર વિસ્તારમાં કોઈપણ વ્યકિત એ તારીખ ૨૦મી મે, ૧૯૯૪ ના કલાક ૦૦--૦૦ થી તારીખ ૨૪મી મે, ૧૯૯૪ નાં કલાક ૨૪--૦૦ સુધીનાં દિવસો દરમ્યાનમાં અધિકૃત કતલખાનાની બહાર કે કોઈ જાહેર કે ખાનગી સ્થળે જ્યાં બહારથી જોઈ શકાય તે રીતે આખલા, બળદ, પાડા, ભેંસ, પાડી, બકરાં વિ. કોઈપણ પશુની કતલ કરવી નહિ. અથવા ઉપરોકત વિસ્તારની હદની અંદર કોઈ શેરીમાં જાહેર સ્થળોમાં દેખાય તે રીતે અન્ય કોઈ પશુની કતલ કરવી નહિ.

મેં આજરોજ તારીખ ૧૯મી મે, ૧૯૯૪ નાં રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

પી. એલ. જાની,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 76 REGISTERED No. G BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, MAY 27, 1994 / JAYISTHA 6, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૩ (૧) (ફ) અન્વયે.

નંબર પીઓએલ/વશી/૨૯૫૫.—કમાન્ડન્ટશ્રી, હોમગાર્ડઝ, ખેડા જિલ્લા નડીઆદના તારીખ ૨૩મી મે ૧૯૯૪ના પત્રથી આંતર-સુબા તા. કપડવંજ ખાતેના ફાયરીંગ બટ ઉપર ખેડા જિલ્લા હોમ ગાર્ડઝ નડીઆદ વિભાગના હોમગાર્ડઝ સભ્યોનું ૩૦૩ રાયફલનું ફાયરીંગ પ્રેક્ટીસ તારીખ ૨જી જુન ૧૯૯૪ થી ૧૫મી જુન ૧૯૯૪ દરમ્યાન રાખેલ છે. આ સમય દરમ્યાન જાહેર જનતાની સલામતી જળવાઈ રહે તે હેતુસર ફાયરીંગ બટ વિસ્તારમાં અવર-જવર બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતી કરેલ છે. જે સબંધી જિલ્લા પોલીસ વડાશ્રી, ખેડા (ઉ) એ તારીખ ૨૩મી મે ૧૯૯૪ના પત્રથી જાહેરનામું બહાર પાડવા અભિપ્રાય આપેલ છે

વાસ્તે, હું, ગીરીશચંદ્ર મુર્મુ, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩ (૧) (ફ) થી મને મળેલ સત્તાની રૂઈએ મોજે નડીયાદ ખાતેના ફાયરીંગ કેમ્પ દરમ્યાન મનુષ્યો, જાનવરો વિગેરેને હાની ન થાય તે માટે ઉકત સ્થળે તારીખ ૨જી જુન ૧૯૯૪ થી ૧૫મી જુન ૧૯૯૪ સુધી (બંને દિવસો સુધ્ધાંત) સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી અવર-જવર તથા જાહેર ઉપયોગ માટે બંધ કરવા હુકમ કરૂ છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ રેન્જમાં ગોળીબાર પ્રેકટીસ દરમ્યાન વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહીં તથા પોતાના આશ્રિત પશુઓ વિગેરેને આ સ્થળેથી દૂર રાખવા તથા સદર જગ્યામાં પશુઓ અવર-જવર કરે નહી તેની તકેદારી રાખવી.

સદરહુ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૪મી મે ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. સી. મુર્મુ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 77 REGISTERED No. G-BA-14 B

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXV] WEDNESDAY, JUNE 1, 1994 / JYAISTHA 11, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા
જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસ.બી. / ઉ-ગપક / જાહેરનામું/૧૮૩૬/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા સારૂં આથી ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી જુન ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી જુન ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ—

(ક) કોઈ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક અને તેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં;

(ઘ) કોઈ શત્ર, આકૃતિ કે પુતળાં દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(જ) જેનાથી સૂરૂચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો, કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ-વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં, અગર ફેલાવો કરવો નહિ.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી:—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેને શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો ભંગ કોઈપણ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૩૧મી મે ૧૯૯૪નાં રોજ સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧) (બી) મુજબનો હુકમ.

ક્રમાંક એસ.બી./૩-ગપક/જાહેરનામું/૧૮૩૭/૯૪.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોઈ, શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી-રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર-વર્તન કરતા હોય તેના કારણે સુલેહશાંતી જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબજ જરૂરી હોય, તેથી—

હું, હીરાલાલ (આઈ. પી. એસ), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧નાં કલમ-૩૭ (૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ, ફરમાવું છું કે, શહેરમાં પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી જુન ૧૯૯૪ના કલાક 00-C થી તારીખ ૧૫મી જુન ૧૯૯૪ના કલાક ૨૪-00 સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાઓ વિગેરે રોડ રસ્તા કે જાહેર-માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહીં અથવા તેવી કોઈ પ્રવૃતિ કરવી નહીં.

મેં આજ તારીખ ૩૧મી મે ૧૯૯૪ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra. No. 79 REGISTERED No. G-BA-14 E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV | WEDNESDAY, JUNE 8, 1994 / JYAISTHA 18, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી દ્વારા

જાહેરનામું

નંબર ટપાલ/વશી/૧૭૧૨ થી ૧૭૮૧/૯૪.—મે .જિલ્લા કલેકટર સાહેબ વડોદરાનાં ક્રમાંક ઉમક/વ./એમ.ઈ.ડી.—કોલેરા/વશી /૧૯૪૨ થી ૭૧/૯૪ તારીખ ૨૫મી મે ૧૯૯૪ થી પાદરા તાલુકાના ભોજ સોખડા ખુર્દ અને વડુ ગામને કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના આઠ-કી.મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરવામાં આવે છે તેમજ સદરહું જાહેરનામાંથી મામલતદારશ્રી પાદરાને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવેલા હોઈ અને કોલેરા રેગ્યુલેશન એકટ હેઠળ મળતી સત્તા હેઠળ તમામ ફરજો બજાવવા આદેશ થયેલ છે.

આથી હું, સી. આર. ચૌહાણ, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી, પાદરા કોલેરા રેગ્યુલેશનની કલમ-૨, ૩ અને ૪ અન્વયે મળેલી સત્તાની રૂંએ ફરમાવું છું કે આ-પાદરા તાલુકાના ભોજ સોખડા ખુર્દ અને વડુ તથા તેની આજુબાજુના આઠ કી.મી.નાં વિસ્તારના રહીશોએ હુકમની તારીખથી દિન-૧૫ ની અંદર કોલેરા પ્રતિબંધક રસી મુકાવી લેવી.

૧. પાદરા તાલુકાના વિસ્તારના દરેક ઈસમોએ જાતે અથવા પોતાના નિકટના અથવા વાલીપણા હેઠળ હોય તેવાઓએ આ હુકમથી ૧૫ દિવસ અંદર કોલેરા સામે રક્ષણ-મેળવવા કોલેરા નાબુદી રસી મુકાવવી, જે શખ્સ રજિસ્ટર અથવા વેકશીનેટર પાસે ઉપરના હુકમના છ માસ દરમ્યાન કોલેરાની રસી મુકાવ્યાનું સર્ટીફીકેટ રજુ કરશે તેઓને આ હુકમથી બાકાત કરવામાં આવશે.

૨. દરેક શખ્સે પોતાના અને જોડેના ઘરમાં તેમના જાણમાં આવેલ કોઈ શખ્સને કોલેરા લાગુ પડયો છે તેમ જણાય તો પોલીસ પટેલ પાસે, મેડીકલ ઓફીસર, તાલુકા વિકાસ અધિકારી તથા અમો નીચે સહી કરનારને તાત્કાલિક ખબર આપવી;

૩. પીવાના કામ માટે વપરાતા પાણીના કુવા તેમજ જળાશયો-માં કોઈએ સ્નાન કરવું નહીં અને નજીકમાં ઉકરડા નાંખી ગંદકી કરવી નહિ;

૪. જે કોઈ મકાનમાં રહેતા ઈસમો રોગથી પિડીત જણાય તો મકાન સાફ કરી ધોઈ નાંખવું;

૫. ઉપયોગમાં ન હોય તેવા કુવા કે તળાવના પાણીનો પીવાના પાણી તરીકે ઉપયોગ કરવો નહીં;

૬. પાકી ગયેલાં તથા સડી ગયેલા ફળ-ફળાદી તથા વાસી ઉગડેલા શાકભાજી ઉપયોગમાં લેવા નહીં;

૭. પાણી જવાના સાધનો સંડાસની સફાઈ ઉપર પુરતું ધ્યાન આપી માખીનો ઉપદ્રવ ન થાય તેની કાળજી રાખવી પીવાના પાણીમાં જંતુનાશક દવા નાંખી પીવાનું પાણી ગરમ કરી પીવાના ઉપયોગમાં લેવું ;

INDEX

૮. જાહેર સ્થળો કે માર્ગો ઉપર ગટર મોરી કે ડબક ખુલ્લું રાખી ગંદા પાણીનો નિકાલ કરી ગંદકી કરવી નહીં બાળકોને જાહેર રસ્તા કે ખુલ્લી જગ્યામાં ઝાડો કરવા બેસાડવા નહીં અને ગંદકી કરવી નહીં.

૯. દર્દીઓના કપડાં તથા તેની ઝાડા-ઉલ્ટીનાં બગડેલાં કપડાં નદી નાળા કે જળાશયો ઉપર ધોવા નહીં.

૧૦. કોઈપણ હોટલ રેસ્ટોરન્ટ વિશીવાળા કે મીઠાઈ વાળાએ ખાદ્ય પદાર્થ વેચનાર કોઈ પણ ઈસમે આવા પદાર્થો ખુલ્લા રાખી માંખી બેસી શકે તેવી રીતે વેચવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સને ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ તહોમતદાર ગણી છ માસની કેદ અથવા રૂા. ૧૦૦૦/-(એક હજાર) દંડ અથવા બંન્ને સજાને પાત્ર રહેશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ માસ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩૧મી મે ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાને જાણ માટે પ્રસિધ્ધ કર્યુ છે.

સી. આર. ચૌહાણ,
મામલતદાર અને કોલેરા
નિયંત્રણ અધિકારી, પાદરા.

"જાહેરનામું"

નંબર ટપાલ/વશી/૧૮૪૨ થી ૧૮૬૧/૯૪.—મે. જિલ્લા કલેકટર સાહેબ વડોદરાનાં ક્રમાંક ઉમક/વ/એપઈડી/કોલેરા/વશી/ ૧૮૭૫ થી ૮૬/૯૪ તારીખ ૧૯મી મે ૧૯૯૪ થી પાદરા તાલુકાના અભોર ગામને કોલેરાગ્રસ્ત વિસ્તાર અને તેની આજુબાજુના આઠ કી.મી. ના વિસ્તારને કોલેરા ભયગ્રસ્ત જાહેર કરવામાં આવેલ છે. તેમજ સદરહુ જાહેરનામાં થી મામલતદારશ્રી પાદરાને કોલેરા નિયંત્રણ અધિકારી તરીકે નિમવામાં આવેલા હોઈ અને કોલેરા રેગ્યુલેશન એકટ હેઠળની મળની સત્તા હેઠળ તમામ ફરજો બજાવવા આદેશ થયેલ છે.

આથી હું, સી. આર. ચૌહાણ, મામલતદાર અને કોલેરા નિયંત્રણ અધિકારી, પાદરા કોલેરા રેગ્યુલેશનની કલમ-૨, ૩ અને ૪ અન્વયે મળેલી સત્તાની રૂંએ ફરમાવું છું કે આ પાદરા તાલુકાના અભોર તથા તેની આજુબાજુના આઠ કી.મી. નાં વિસ્તારના તમામ રહીશો એ હુકમની તારીખથી દિન-૧૫ ની અંદર કોલેરા પ્રતિબંધક રસી મુકાવી લેવી.

૧. પાદરા તાલુકાના વિસ્તારના દરેક ઈસમોએ જાતે અથવા પોતાના નિકટના અથવા વાલીપણા હેઠળ હોય તેવાઓએ આ હુકમથી ૧૫ દિવસ અંદર કોલેરા સામે રક્ષણ મેળવવા કોલેરા નાબુદી રસી મુકાવવી, જે શખ્સ રજિસ્ટર અથવા વેકશીનેટર પાસે ઉપરના હુકમના છ માસ દરમ્યાન કોલરાની રસી મુકાવ્યાનું સર્ટીફીકેટ રજુ કરશે તેઓને આ હુકમથી બાકાત કરવામાં આવશે.

૨. દરેક શખ્સે પોતાના અને જોડેના ઘરમાં તેમના જાણમાં આવેલ કોઈ શખ્સને કોલેરા લાગુ પડયો છે તેમ જણાય તો પોલીસ પટેલ પાસે, મેડીકલ ઓફીસર, તાલુકા વિકાસ અધિકારી તથા આમો નીચે સહી કરનારને તાત્કાલિક ખબર આપવી.

૩. પીવાના કામ માટે વપરાતા પાણીના કુવા તેમજ જળાશયો માં કોઈએ સ્નાન કરવું નહી અને નજીકમાં ઉકરડા નાંખી ગંદકી કરવી નહીં.

૪. જે કોઈ મકાનમાં રહેતા ઈસમો રોગથી પિડીત જણાય તો મકાન સાફ કરી ધોઈ નાંખવું.

૫. ઉપયોગમાં ન હોય તેવા કુવા કે તળાવના પાણીનો પીવાના પાણી તરીકે ઉપયોગ કરવો નહીં.

૬. પાકી ગયેલાં તથા સડી ગયેલા ફળ-ફળાદી તથા વાસી બગડેલા શાકભાજી ઉપયોગમાં લેવા નહીં.

૭. પાણી જવાના સાધનો સંડાસની સફાઈ ઉપર પુરતું ધ્યાન આપી માખીનો ઉપદ્રવ ન થાય તેની કાળજી રાખવી, પીવાના પાણીમાં જંતુનાશક દવા નાંખી પીવાનું પાણી ગરમ કરી પીવાના ઉપયોગમાં લેવું.

૮. જાહેર સ્થળો કે માર્ગો ઉપર ગટર મોરી કે ડબક ખુલ્લું રાખી ગંદા પાણીનો નિકાલ કરી ગંદકી કરવી નહીં બાળકોને જાહેર રસ્તા કે ખુલ્લી જગ્યામાં ઝાડો કરવા બેસાડવા નહીં અને ગંદકી કરવી નહી.

૯. દર્દીઓના કપડાં તથા તેની ઝાડા-ઉલ્ટીનાં બગડેલાં કપડાં નદી, નાળાં કે જળાશયો ઉપર ધોવા નહીં.

૧૦. કોઈપણ હોટલ રેસ્ટોરન્ટ, વિશીવાળા કે મીઠાઈ વાળાએ ખાદ્ય પદાર્થ વેચનાર કોઈ પણ ઈસમે આવા પદાર્થો ખુલ્લા રાખી માંખી બેસી શકે તેવી રીતે વેચવા નહીં.

આ હુકમનો ભંગ કરનાર શખ્સને ઈન્ડીયન પીનલ કોડની કલમ-૧૮૮ મુજબ તહોમતદાર ગણી છ માસની કેદ અથવા રૂા. ૧૦૦૦/-(એક હજાર) દંડ અથવા બંને સજાને પાત્ર રહેશે.

આ જાહેરનામું પ્રસિધ્ધ થયા તારીખથી ત્રણ માસ સુધી અમલમાં રહેશે.

આજ તારીખ ૩જી જુન ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી જાહેર જનતાને જાણ માટે પ્રસિધ્ધ કર્યુ છે.

સી. આર. ચૌહાણ,
મામલતદાર અને કોલેરા નિયંત્રણ
અધિકારી, પાદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 80

REGISTERED No. G-GA-I-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, JUNE 9, 1994 / JYAISTHA 19, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/ જીજી-/કચુએલ/ રીગ્રાન્ટ-૧૦.—જે અર્થે કલેકટરશ્રી પંચમહાલ, તેમની કચેરીના આદેશ નંબર જીજી-કચુએલ-૬૮૫-૧૨૫૬-તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૨ જે અન્વયે શ્રી કનુભાઈ સોમાભાઈ પટેલને મોજે મોટીકોટડી, તાલુકો ગોધરાનાં સર્વે નંબર ૪૩૨ ને લાગુ કુણ નદી પટ્ટ પૈકી ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો-૧૯૬૬ મુજબ તારીખ ૨૮મી ફેબ્રુઆરી ૧૯૯૨થી મંજુર કરી આપવામાં આવેલ હતું

"અરજદારશ્રી મંજુરી હુકમ તારીખથી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી"

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ ના નિયમ-૧૮(૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટ માં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
મોટી કોટડી	ગોધરા	પંચમહાલ	૪૩૨ને લાગુ કુણ નદી પટ્ટ પૈકી	૧ ૦૦ ૦૦

ગોધરા, તારીખ ૩૦મી માર્ચ ૧૯૯૪

એ. એસ. સુતરીયા,
I. A. S.
કલેકટર પંચમહાલ.
ગોધરા.

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જી.જી./ક્યુએલ/રીગ્રાન્ટ-૫.—જે અર્થે કલેકટરશ્રી પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૪૧૭-૨૭૬૦, તારીખ ૧૪મી મે ૧૯૯૨ અન્વયે શ્રીમતી શારદાબેન નટુભાઈ રાઠોડને મોજે દેલોલ, તાલુકો કાલોલના સર્વે નંબર ૧૦૬૫, ૧૦૬૬ને લાગુ ગોમા નદી પટ પૈકી ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬ મુજબ તારીખ ૧૪મી મે ૧૯૯૨ થી મંજુર કરી આપવામાં આવેલ હતું.

"મંજુરી હુકમ તારીખથી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી."

જેથી હવે, ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮(૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઇ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
દેલોલ	કાલોલ	પંચમહાલ	૧૦૬૫, ૧૦૬૬ને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી.	૧-૦૦-૦૦

ગોધરા, તારીખ ૨૨મી મે ૧૯૯૪.

એ. એસ. સુતરીયા,
I. A. S.
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી/ક્યુએલ/રીગ્રાન્ટ-૬.—જે અર્થે કલેકટરશ્રી પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૮૫૯-૨૭૫૩, તારીખ ૧૪મી મે ૧૯૯૨ જે અન્વયે શ્રી નટવરસિહ પ્રભાતસિહ રાઠોડને મોજે દેલોલ તાલુકો કાલોલ ના સર્વે નંબર ૧૦૬૯, ૧૦૭૨ ને લાગુ ગોમા નદી પટ પૈકી ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્યરેતી ખનીજ કાઢવા ત્રણ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૧૪મી મે ૧૯૯૨ થી મંજુર કરી આપવામાં આવેલ હતું.

"મંજુરી હુકમ તારીખ ૧૪મી મે ૧૯૯૨ થી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી."

જેથી હવે, ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવા પાત્ર થતા હોઇ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી 30 દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી 30 દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેક્ટરમાં)
દેલોલ	કાલોલ	પંચમહાલ	૧૦૬૯, ૧૦૭૨ ને લાગુ ગોમા નદી પટ્ટ પૈકી.	૧ 00 00

ગોધરા, તારીખ ૧લી જુન ૧૯૯૪.

એ. એસ. સુતરીયા
I. A. S.
કલેકટર પંચમહાલ,
ગોધરા.

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી/કયુ એલ. રીગ્રાન્ટ-૭.—જે અર્થે કલેકટરશ્રી પંચમહાલ તેમની કચેરીના અદેશ નંબર જીજી-કયુ-એલ-૮૨૫ તારીખ૩૧મી માર્ચ ૧૯૯૩ જે અન્વયે શ્રી જયેશકુમાર આર. જોષી ને મોજે ભાદરોલી ખુર્દ તાલુકો કાલોલના સર્વે નંબર ૩૦૮/૧ પૈકી ૧-૦૦ ૦૦ હેકટર વિસ્તાર માંથી બિલ્ડીંગ સ્ટોન ખનીજ કાઢવા ૬ વરસ ની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬ મુજબ તારીખ ૩૧મી માર્ચ ૧૯૮૩થી મંજૂર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૨૮મી જુન ૧૯૮૩ ની અસરથી ૬ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૨૭મી જુન ૧૯૮૯ના રોજ પુરી થયેલ છે.

" પટેદાર શ્રીએ કવોરીલીઝ રીન્યુઅલ કરવા માટે નિયમોનુંસાર અરજી કરેલ ન હોવાથી. "

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬ના નિયમ-૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવમાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જીલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
૧	૨	૩	૪	૫
ભાંદરોલીખુર્દ	કાલોલ	પંચમહલ	૩૦૮/૧પૈકી	૧ ૦૦ ૦૦

ગોધરા, તારીખ ૧લી જુન ૧૯૯૪.

એ. એસ. સુતરીયા,
આઈ. ઓ. એસ.
કલેકટર પંચમહાલ,
ગોધરા.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી/ક્યુએલ/રીગ્રાન્ટ/-૮.— જે અર્થે કલેક્ટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૪૮૯--૨૬૩૩, તારીખ ૨૮મી જૂન ૧૯૯૦ જે અન્વયે શ્રી પટેલ મહેશકુમાર પુરસોત્તમભાઈને મોજે ગોઠડા, તાલુકો ગોધરાના સર્વે નંબર ૧૪૪, ને લાગુ મહી નદી પટ્ટ પૈકી ૪-૦૦-૦૦ હેક્ટર વિસ્તારમાંથી બ્લેકટ્રેપ ખનિજ કાઢવા ૩ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૮મી જૂન ૧૯૯૦થી મંજુર કરી આપવામાં આવેલ હતું.

" મંજુરી હુકમ તારીખ ૨૮મી જુન ૧૯૯૦ બાદ કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જતાં મંજુરી હુકમ રીવોક કરેલ હોવાથી "

જેથી, હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ-૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
૧	૨	૩	૪	૫
ગોઠડા	ગોધરા	પંચમહાલ	૧૪૪ ને લાગુ મહી નદી પટ્ટ પૈકી	૪-૦૦-૦૦

ગોધરા, તારીખ ૧લી જૂન ૧૯૯૪.

એ. એસ. સુતરીયા,
આઇ. ઓ. એસ.
કલેકટર, પંચમહાલ,
ગોધરા.

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમકપ / જીજી / કયુ એલ / રીગ્રાન્ટ-૯.— જે અર્થે કલેકટરશ્રી પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજીકયુએલ-૨૬૨-૧૬૬૨, તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૦ જે અન્વયે શ્રી જ્યોતિભાઈ ડાહ્યાભાઈ પચાલ ને મોજે ટીંબા તાલુકો ગોધરા ના સર્વે નંબર ૯૨૬/૧, ૯૨૬/૩, ૯૨૭ ને લાગુ કુણ નદી પટ્ટ પૈકી ૧ ૦૦ ૦૦ હેકટર વિસ્તાર માંથી લ્યુકોટ્રેપ ખનીજ કાઢવા ૭ વરસની મુદત થી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો,૧૯૬૬ મુજબ તારીખ ૨૨મી માર્ચ, ૧૯૯૦ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું જેનું કરારખત-તારીખ ૯મી માર્ચ, ૧૯૮૯ ની અસરથી ૭ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૮ મી માર્ચ ૧૯૯૬ રોજ પુરી-થયેલ છે.

સદરહું કવોરીલીઝ આ કચેરીનો હુકમ તારીખ ૨૯મી ઓકટોબર, ૧૯૯૧થી રદબાતલ કરેલ હોવાથી,

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજધારો ૧૯૬૬ ના નિયમ ૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતની વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે જાહેરનામું પ્રસિધ્ધ થયા ની તારીખ થી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
૧	૨	૩	૪	૫
ટીંબા	ગોધરા	પંચમહાલ	૯૨૬/૧, ૯૨૬/૩, ૯૨૭ ને લાગુ કુણ નદી પટ્ટ પૈકી	૧ ૦૦ ૦૦

ગોધરા, તારીખ ૧લી જુન, ૧૯૯૪.

એ. એસ. સુતરીયા,
આઈ. એ. એસ.
કલેકટર પચમહાલ, ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 81

REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JUNE 10, 1994 / JYAISTHA 20, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૩૦૭૨.—આગામી તારીખ ૨૦મી જુન ૧૯૯૪ ના રોજ મહોરમનો તહેવાર આવતો હોઈ જેના અનુસંધાનમાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનીચ્છનીય બનાવ ન બને તે અને જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાને કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ ૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું ગીરીશચંદ્ર મુર્મુ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા, મુંબઈ પોલીસ, અધિનિયમ ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨ માંની કલમ ૩૭(૩) મુજબ મને મળેલ સત્તાની રુઈએ ફરમાવું છું કે સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૦મી જુન ૧૯૯૪ થી તારીખ ૨૩મી જુન ૧૯૯૪ સુધી (બંને દિવસો સુધ્ધાંત) ચાર કરતાં વધુ માણસોએ એકઠા થવું નહીં. ચાર કરતાં વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો.—આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય હોમગાર્ડઝ હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોતર તેમ જ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનીયમની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫મા અધિનિયમ) ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૬ઠ્ઠી જુન ૧૯૯૪ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યો.

જી. સી. મુર્મુ,
જિલ્લા મેજિસ્ટ્રેટ ખેડા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧)(એન) (ઓ) (વાય) હેઠળના નિયમો.

નંબર પી ઓ એલ /વશી/૩૧૨૮.—સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ ના ૨૨ મા) ની કલમ ૩૩ની પેટા કલમ (૧)ના ખંડ (એન) (ઓ) (વાય) હેઠળ મળેલ અધિકારની રુઈએ હું ગીરીશચંદ્ર મુર્મુ, આઈ.એ.એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા

INDEX

તારીખ ૨૦મી જુન ૧૯૯૪ના રોજ આવતા મહોરમ નીમીત્તે નીચેના નિયમો ધડુ છું અને તેનું પાલન કરવા ફરમાવું છું.

(૧) મહોરમ તહેવાર અંગે તાબુત અગર તાજીયા નું સરઘસ લાગતા વળગતા પોલીસ સબ ઈન્સ્પેકટર, પોલીસ ઈન્સ્પેકટરની પરવાનગી સિવાય કાઢી શકાશે નહી;

(૨) તાબુત અગર તાજીયાનું સરઘસ કાઢવા માટે પરવાનગી માત્ર મુસ્લીમ ભાઈઓને જ આપવામાં આવશે. અને તે પરવાનગી જ્યારે કોઈ મેજિસ્ટ્રેટ અગર પોલીસ અધિકારી માગે ત્યારે બતાવવી પડશે;

(૩) આવી પરવાનગી મેળવનાર શખ્સ દરેક તાબુત અગર તાજીયાના સરઘસમાં સામેલ થયેલ માણસોની શાંતીપુર્વકની વર્તણુંક માટે જવાબદાર રહેશે. તાબુત અગર તાજીયાના સરઘસમાં સામેલ થયેલ કોઈપણ શખ્સ તોફાની અથવા અયોગ્ય રીતે વર્તશે તો પોલીસ ઈન્સ્પેકટર કે તેનાથી ઉપરી પાયરીના પોલીસ અધિકારી મૌખિક હુકમ દ્વારા સરઘસની પરવાનગી રદ કરશે અને તે સરઘસમાં ભાગ લેનાર શખ્સે હુકમનું પાલન કરી વિખરાઈ જશે અને સરઘસ આગળ લઈ જઈ શકાશે નહી. તાજીયા તાબુતમાં ભાગ લેનાર તમામ ધાર્મિક સહીષ્ણુતાનું પુરુ પાલન કરી વાંધાજનક સુત્રોચ્ચાર કે વર્તણુક કરવાથી દુર રહેવું પડશે. અન્યથા પરવાનગી મેળવનાર તે માટે જવાબદાર રહેશે;

(૪) કોઈપણ શેરી કે ગલ્લીમાં અથવા કોઈપણ જાહેર જગ્યામાં સ્થાનિક પોલીસ સબ ઈન્સ્પેકટરની લેખિત પરવાનગી સિવાય વાજીંત્રો વગાડી શકાશે નહીં. આવી પરવાનગી મેળવનારે પરવાનગી સાથે જોડવામાં આવેલ શરતોનું પાલન કરવું પડશે;

(૫) મહોરમના તહેવાર અંગે વાજીંત્રો વગાડવાની પરવાનગી તારીખ ૧૯મી જુન ૧૯૯૪ અને તારીખ ૨૧મી જૂન ૧૯૯૪ના દિવસો માટે જ આપવામાં આવશે અને તે પરવાનગી મેળવવા માટે અરજદારો તે પરવાનગીની શરતોનું પાલન કરશે તેવી લેખીત બાંહેધરી આપવી પડશે. જો પરવાનગીની કોઈપણ શરતોનો અથવા બાંહેધરીનો ભંગ થશે અથવા પરવાનગી મેળવનારની બેદરકારીથી કોઈ તોફાન અથવા ઝઘડા થશે તો તે માટે કાયદા મુજબ યોગ્ય પગલા લેવામાં આવશે.

(૬) મહોરમના દિવસે તાબુત તાજીયા સરઘસ બપોરના ૧-૦૦ વાગ્યા પહેલા (ખંભાત શહેર સિવાય) કાઢી શકાશે નહીં અને તે જ દિવસે સુર્યાસ્ત પહેલા સરઘસ પુરુ કરવું પડશે;

(૭) તાબુત અગર તાજીયાનું સરઘસ મહોરમના દિવસે તાબુત ડુબાડવાની જગ્યાએ ટુંકમાં ટુંકા રસ્તેથી લઈ જવું પડશે;

(૮) બે અગર વધારે તાબુત અગર તાજીયાનું સરઘસ રસ્તા ઉપરથી એક સાથે બાજુ બાજુમાં એક દિશામાં લઈ જઈ શકાશે નહીં. સરઘસ હંમેશા રસ્તાની ડાબી બાજુ રાખવું પડશે. ઘોડાગાડી અથવા ઘોડેસ્વારી અથવા બીજા પશુથી ચાલતા વાહનો આવતા સરઘસમાં વગાડવામાં આવતા વાજીંત્રો બંધ કરવા પડશે. તાબુત અગર તાજીયા સરઘસમાં કાઢવા અંગેની પરવાનગી ધરાવનાર શખ્સ કોઈ માણસ જે તાબુત અગર તાજીયા અંગે નિરબત ધરાવતો ન હોય તે સંબંધમાં સામેલ ન થાય તે જોવાની તેની ફરજ રહેશે;

(૯) આ નિયમો તારીખ ૧૦મી જુન ૧૯૯૪ થી તારીખ ૨૩ મી જુન ૧૯૯૪ સુધી સમગ્ર ખેડા જિલ્લામાં અમલી રહેશે.

(૧૦) ઉપરના નિયમોનો ભંગ કરનાર શખ્સ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે;

આજ તારીખ ૬ઠ્ઠી જુન ૧૯૯૪ ના રોજ મારી સહી તથા સીક્કો કરી આપ્યો;

જી. સી. મુર્મુ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 82 REGISTERED No. G-B-1 -4/E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JUNE 10, 1994 / JYAISTHA 20, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૩૦૧૬.—આગામી તારીખ ૨૦મી જૂન ૧૯૯૪ના રોજ મહોરમનો તહેવાર આવતો હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ ૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૦મી જુન ૧૯૯૪ થી તારીખ ૨૩મી જુન ૧૯૯૪ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું: –

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ એકઠા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો, કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બનાવવા તથા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૬ઠ્ઠી જુન ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

Supple. C. G. I – Extra-82/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 83

REGISTERED No. G—BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, JUNE 14, 1994 / JYAISTHA 24, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું.

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે.

ક્રમાંક પોલ. જાહેરનામાં. વશી. ૨૯૬૭થી ૩૦૦૨/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મળેલ સત્તાની રૂએ હું. જે. જી. હીંગરાજીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા આગામી તારીખ ૨૦મી જુન ૧૯૯૪ના રોજ મહોરમનો તહેવાર આવતો હોવાથી તેમજ તારીખ ૨૧મી જુન ૧૯૯૪ના રોજથી ગુજરાત વિધાનસભાનું સત્ર શરૂ થનાર હોવાથી વિધાનસભા સત્ર દરમ્યાન વિરોધ પક્ષો તરફથી જુદા જુદા કાર્યક્રમો જાહેર થતા હોવાથી જીલ્લામાં કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧૧મી જુન ૧૯૯૪ના રોજ ૦૦-૦૦ કલાકથી ૨૫મી જુન ૧૯૯૪ ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ :—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી, કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઇપણ સાધન લઈ જવું નહીં ;

(ખ) કોઈપણ જ્વલનશીલ પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઇ વસ્તુઓ અને ફેંકવાના, ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહીં કે એકઠા કરવા નહીં અથવા તૈયાર કરવા નહીં;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતીઓ અથવા પુતળા દેખાડવા નહીં;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભિત્સ સુત્રો પોકારવા નહીં અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(ચ) જેનાથી સુરૂચી નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહીં તથા તેવા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં બનાવવી નહીં તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમમાં ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઇ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઇપણ હથિયાર લઇ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઇ જવાની ફરજ હોય;

(૨) જીલ્લા મેજીસ્ટ્રેટશ્રી અથવા જીલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધિકૃત કરેલ કોઇ પોલીસ અધિકારી કે જેણે શારીરિક અશકિતના કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

INDEX

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ૪ (ચાર) માસ અને વધુમા વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે. આ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જૂન ૧૯૯૪ ના રોજ મારી સહી કરી સિક્કો કર્યો છે.

જે. જી. હીંગરાજીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે.

ક્રમાંક પોલ/જાહેરનામાં/વશી/૩૦૦૩ થી ૩૦૩૮/૯૪ :—આગામી તારીખ ૨૦મી જુન ૧૯૯૪ના રોજ મહોરમનો તહેવાર આવતો હોવાથી તેમજ તારીખ ૨૧મી જુન ૧૯૯૪ ના રોજ ગુજરાત વિધાનસભાનું સત્ર શરૂ થનાર હોવાથી વિધાનસભા સત્ર દરમ્યાન વિરોધપક્ષો તરફથી જુદા જુદા કાર્યક્રમો જાહેર થતા હોવાથી આ સમય દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જીલ્લાના પોલીસ કમિશનર, વડોદરા (શહેર) વડોદરાના હકુમત હેઠળ સીવાયનો વિસ્તાર એટલે કે વડોદરા જીલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવા અત્યંત જરૂરી હોય વ્યકિતઓની મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી હવે મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, જે. જી. હીંગરાજીયા, અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૧મી જુન ૧૯૯૪ ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૫મી જુન ૧૯૯૪ ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.
(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહી.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં:—
(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને
(૨) કોઈ લગ્નના વરઘોડાને
(૩) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને
(૪) કોઈપણ સ્મશાન યાત્રાને
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાની રહેશે.

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-૩ મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ- ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૭મી જૂન ૧૯૯૪ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જે. જી. હીંગરાજીયા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 84 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, JUNE 16, 1994 / JYAISTHA 26, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટરા દ્વારા

જાહેરનામા

ગુજરાત ગૌણ ખાનજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-પ-જીજી/કયુએલ/રીગ્રાન્ટ/૧૧.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નં.બર જી.જી -કયુંએલ-૩૮૭/૩૩૦૭, તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૦ જે અન્વયે શ્રી પટેલ જયંતિભાઈ કુબેરભાઈને મોજે અસાપડી તાલુકો ગોધરાના સર્વે નં. ૪૧૬, ૪૧૭, ૪૧૦ને લાગુ મીથરીનદી પટ્ટ પૈકી ૨ ૦૦ ૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૦ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું. જેનું કરારખત તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૯૦ ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૯૩ ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટેદાર શ્રી એ કવોરીલીઝ રીન્યુઅલ કરવા માટે રીન્યુઅલ અરજી કરેલ ન હોવાથી".

જેથી, હવે, ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાને પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
૧	૨	૩	૪	૫
અસાપડી	ગોધરા	પંચમહાલ	૪૧૬, ૪૧૭ ૪૧૦ ને લાગુ મીથરી નદી પટ્ટ પૈકી	૨ ૦૦ ૦૦

ગોધરા, તારીખ ૮મી મે ૧૯૯૪.

એ. એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ
ગોધરા.

INDEX

જાહેરનામા

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/ જીજી--ક્યુ.એલ.--રીગ્રાન્ટ--૧૨.— જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ, તેમની કચેરીના આદેશ નંબર જીજી--ક્યુ.એલ.-૬ ૯૦- તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૨ જે અન્વયે શ્રી મહેન્દ્રકુમાર નરવતસિંહ સોલંકીને મોજે કાલોલ તાલુકો કાલોલના સર્વ નંબર ૪૮૪ને લાગુ ગોમા નદી પટ પૈકી હેકટર વિસ્તારમાંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૨ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું.

"અરજદાર શ્રી મંજૂરી હુકમ તારીખ ૩૦મી ઓકટોબર ૧૯૯૨ થી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ જવાથી".

જેથી હવે ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮(૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
૧	૨	૩	૪	૫
કાલોલ	કાલોલ	પંચમહાલ	૪૮૪ ની સામે ગોમા નદી પટ્ટ પૈકી.	૧ ૦૦ ૦૦

ગોધરા, તારીખ ૫મી જૂન ૧૯૯૪.

એ. એસ. સુતરીયા,
કલેકટર, પંચમહાલ, ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, BARODA.

INDEX

Extra No. 85 REGISTERED No. G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JUNE 17, 1994 / JYAISTHA 27, 1916

Separate paging is given to each part of the Sapplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ કલમ ૩૭(૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસ.બી./ ઉગપક/ જાહેરનામું/૧૯૫૧/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા સારુ આથી ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી જુન ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી જુન ૧૯૯૪નાં કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.—

(ક) કોઈ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક અને તેવા સાધનો કે ચીજથી હીંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહિ;

(ખ) પથ્થરો અથવા ફેંકવાનાં સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહિ;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહિ;

(ઘ) કોઈ શબ, આકૃતિ કે પૂતળા દેખાડવા નહિ;

(ચ) સરઘસમાં સળગતી મસાલ લઈ જવી નહી;

(છ) અપમાન કરવાનાં ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સુત્રો પોકારવા નહી અથવા ટોળામાં ફરવું નહિ;

(જ) જેનાથી સુરુચી અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહી. તેવા ચીન્હો કે પ્લેકાર્ડો કે પત્રીકાઓ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી અગર ફેલાવો કરવો નહી.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી :—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોઈ અગર હથીયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરીક અશકતીને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો ભંગ કોઈપણ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને ઈ.પી.કો. કલમ ૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા.૨૦૦ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી જુન ૧૯૯૪ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧નાં ૨૨મા) અધિનિયમની કલમ ૩૭(૧) (બી) મુજબનો.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૧૯૫૨/૯૪.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ, કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેરમાર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહશાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબ જ જરૂરી હોય, તેથી,

હું, હિરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ ૩૭ (૧) (બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, શહેરમાં પોલિસ કમિશનર, વિસ્તારમાં તારીખ ૧૬મી જૂન ૧૯૯૪ ના કલાક ૦૦-૦૦થી તારીખ ૩૦મી જુન ૧૯૯૪ ના ક. ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમો, બાળકો, છોકરાઓ, વિગેરે રોડ રસ્તા કે જાહેર માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહીં અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહીં.

મેં, આજ તારીખ ૧૫મી જુન ૧૯૯૪ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હિરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 86 REGISTERED No. G-BA

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, JUNE 21, 1994 / JYAISTHA, 31, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) મુજબનો.

ક્રમાંક એસ. બી. / ઉ-ગપક /જાહેરનામું/૨૦૮૯ / ૯૪.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, હીરાલાલ (આઈ. પી. એસ.,) પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમ)ની કલમ ૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ, હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૧મી જૂન ૧૯૯૪ના ક. ૦૦-૦૦ થી તારીખ ૫મી જુલાઈ ૧૯૯૪ના ક. ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યક્તિઓ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે ઘોંઘાટવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.— આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૦મી જૂન ૧૯૯૪ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 87

REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vo. XXXV] WEDNESDAY, JUNE 22, 1994 / ASADHA 1, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I-
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬.

નંબર ઉ-મકગ/ક્યુએલ/રેતી/૧૮૨.—જે અર્થે શ્રી જયરામભાઈ લાખાભાઈ રબારી, શ્રી વાઘેલા માધાજી રામજી તથા શ્રી મેઘાભાઈ વાહજીભાઈ રબારી, રહે. બાસણ ને રેતી ગૌણ ખનીજ ખોદવા માટે ક્વોરીલીઝ અત્રેની કચેરીના હુકમ નં. ક્યુએલ. મભુગાં, રેતી/૧૮૨/૫૬૯, તારીખ ૧૧મી ફેબ્રુઆરી ૧૯૮૫ થી એક વર્ષની મુદત માટે મંજુર કરવામાં આવેલ. જે કરારખતની શરતોના ભંગ બદલ અત્રેના હુકમ નં. મભુગાં/ક્યુએલ/૧૮૨/રેતી/૨૬૯, તારીખ ૧૪મી જુલાઈ ૧૯૮૬ થી રદ કરવામાં આવેલ. અને તે ગુજરાત ગૌણ ખનીજ નિયમો ૧૯૬૬ના નિયમ ૧૮(૧) (સી) મુજબ જાહેર જનતા જોગ ફેર ઉપલબ્ધી માટે તારીખ ૯મી ઓકટોબર ૧૯૯૨ થી જાહેર કરવામાં આવેલ અને જાહેરનામું સરકારી એકસ્ટ્રા ઓર્ડી નરી ગેઝેટ વોલ્યુમ નં. ૩૪, તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૩ થી પ્રસિધ્ધ કરવામાં આવેલ. જેમાં વિસ્તાર ખાણકામ માટે ગેઝેટમાં પ્રસિધ્ધ થાય ત્યારથી એક માસ બાદ થી ઉપલબ્ધ થયાનું જાહેર કરાયેલ. જયારે નિયમોની જોગવાઈ મુજબ ગેઝેટમાં પ્રસિધ્ધ થાય ત્યારથી ૩૦ દિવસ બાદ થી જાહેર કરવાનો રહેતો હતો. જે અંગે સરકારશ્રીનાં ઉદ્યોગ અને ખાણ વિભાગનું માર્ગદર્શન માંગતા તેમનાં પત્ર ક્રમાંક એમએમઆર/૧૦૯૩/૨૭૭૭/૬૭, તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૩ થી તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૩નું જાહેરનામું રદ કરી નવેસરથી જાહેરનામું બહાર પાડવા સુચના આપાયેલ છે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર.
				હે. આરે. પ્ર.
બાસણ	ગાંધીનગર	ગાંધીનગર	૨, ૬, ૭, અને ૮ ને લાગુ નદીપટ.	૦૬ ૦૦ ૦૦

INDEX

ઉપરોકત હકીકતે હું, એમ. એસ. ડાગુર, કલેકટર, ગાંધીનગર, તારીખ ૨૫મી ફેબ્રુઆરી ૧૯૯૩નું જાહેરનામું રદ કરી ગુજરાત ગૌણ ખનીજ નિયમો ૧૯૬૬ના નિયમ ૧૮(૧)(સી) હેઠળ મળેલ સત્તાની રૂએ પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તાર રેતીના ખાણકામ માટે જાહેર જનતા ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખથી ત્રીસ દિવસ બાદ ફરીથી ઉપલબ્ધ થયાનું આથી જાહેર કરું છું.

ગાંધીનગર, તારીખ ૧૩મી મે ૧૯૯૪.

એમ. એસ. ડાગુર,
કલેકટર, ગાંધીનગર.

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ નિયમો, ૧૯૬૬.

નંબર ઉ-મકગ-કયુએલ-રેતી/૨૬૪.—જે અર્થે શ્રી મહંમદઅલી નજરમહંમદ પાબારી, રહે. પેથાપુર, તા. જિલ્લા ગાંધીનગર ને ગાંધીનગર જિલ્લો તથા તાલુકાના મોજે પેથાપુરના સ. નં. ૫૫૭ને લાગુ નદી પટમાં એક હેકટર વિસ્તારનું રેતી ખનીજનું કવોરીલીઝ અત્રેનાં હકમ નં મભુંગા/કયુ, એલ રેતી/૨૬૪/૧૮૮, તારીખ ૧૧મી સપ્ટેમ્બર ૧૯૮૫થી ત્રણ વર્ષની મુદત માટે મંજુર કરેલ. જેનું કરારખત તારીખ ૫મી જાન્યુઆરી ૧૯૮૭ના રોજ કરવામાં આવેલ તે અનુસાર લીઝની મુદત તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૦ના રોજ સમાપ્ત થતી હતી. જેના રીન્યુઅલ માટેની અરજી અત્રેનાં હુકમ નં. મભુંગા/કયુએલ/૫૭૮, તારીખ ૨૫મી જૂન ૧૯૯૦ થી નામંજુર કરવામાં આવેલ છે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર
પેથાપુર	ગાંધીનગર	ગાંધીનગર	૫૫૭ને લાગુ નદી પટ	૧ ૦૦ ૦૦ હેકટર

ઉપરોકત હકીકતે હું, એસ. એમ. ડાગુર, કલેકટર, ગાંધીનગર, ગુજરાત ગૌણ ખનીજ નિયમો ૧૯૬૬ના નિયમ ૧૮(૧)(સી) ની જોગવાઇ અનુસાર પરિશિષ્ટમાં દર્શાવેલ વિસ્તાર ફરીથી રેતીના ખાણ કામ માટે જાહેર જનતાને ઉપલબ્ધ થાય તે માટે સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ થયા તારીખથી ત્રીસ દિવસ બાદ ફરીથી ઉપલબ્ધ થયનું આથી જાહેર કરું છું

ગાંધીનગર, તારીખ ૧૩મી મે, ૧૯૯૪.

એમ. એસ. ડાગુર,
કલેકટર,
ગાંધીનગર જિલ્લો.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 88 REGISTERED No. GBA-14

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, JUNE 28, 1994 / ASADHA 7, 1916

Separate paging is given to each part of the Supplement to the Central and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ./જાહેરનામું/૩૭(૩)/વશી/૯૪.—આગામી તારીખ ૧૯/૨૦ જૂન ૧૯૯૪ ના રોજ મહોરમનો તહેવાર આવતો હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ, આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૧મી જૂન ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૪ મી જૂન ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો : —

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫મા અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૦મી જુન ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 89 REGISTERED No. G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, JULY 4, 1994 / ASADHA 13, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર એમએજી/વશી/૩૧૯૭/૯૪.—સને ૧૯૭૩ના સને ૧૯૭૪ના રજા એકટ/ફોજદારી કાર્યરીતી અધિનિયમ કલમ ૧૭૪થી મળેલ અધિકારની રૂએ હુ આઈ. પી. ગૌતમ, જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને તાત્કાલિક અસરથી તેઓની સામે જણાવેલ વિસ્તાર માટે સદર અધિનિયમની કલમ ૧૭૪ હેઠળના અધિકાર આપું છુ.

પરિશિષ્ટ ૧

ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ ૧૭૪ ના અધિકાર આપવામાં આવેલ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓના નામની યાદી.

અનુ. નંબર	નામ	હાલ કયાં ફરજ બજાવે છે	વિસ્તાર
૧	૨	૩	૪
૧	શ્રી ડી. બી. રાવલ	નાયબ મામલતદાર, ચીટનીશ શાખા કલેકટર કચેરી, વડોદરા.	પોલીસ કમિશનરશ્રીની અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી (ગ્રામ્ય) ની હુકમત હેઠળનો સમગ્ર વિસ્તાર.
૨	શ્રી એસ. એસ. પંડીત	નાયબ મામલતદાર, નાની બચત કલેકટર કચેરી, વડોદરા.	”
૩	શ્રી વી. બી. ફણસે	નાયબ મામલતદાર, અધિક ચીટનીસ શાખા, કલેકટર કચેરી, વડોદરા.	”

૧	૨	૩	૪
૪	શ્રી ડી. સી. શાહ	નાયબ મામલતદાર, જમીન સુધારણા શાખા, કલેકટર કચેરી, વડોદરા.	પોલીસ કમિશનરશ્રીની અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી (ગ્રામ્ય)ની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર
૫	શ્રી જે. એન. શાહ	નાયબ મામલતદાર, અધિક મામલતદારની કચેરી, વડોદરા (ગ્રામ્ય)	,,
૬	શ્રી વી. સી. પટેલ	સર્કલ ઓફીસર, અધિક મામલતદારની કચેરી, વડોદરા (ગ્રામ્ય)	,,
૭	શ્રી સી. આર. મેવાડા	નાયબ મામલતદાર ખાસ જમીન સંપાદન અધિકારી, એકમ ૧ની કચેરી, વડોદરા.	,,
૮	શ્રી એન. સી. કાછીયા	નાયબ મામલતદાર, પુરવઠા શાખા, કલેકટર કચેરી, વડોદરા.	,,
૯	શ્રી એસ. વી. બર્વે	નાયબ મામલતદાર, નાની બચત શાખા, કલેકટર કચેરી, વડોદરા.	,,
૧૦	શ્રી આઈ. એચ. મલેક	નાયબ મામલતદાર, સ્પેશ્યલ એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ, વડોદરા.	,,
૧૧	શ્રી એન. યુ. વાંસદીયા	નાયબ મામલતદાર, અધિક કલેકટરશ્રી શહેરી જમીન ટોચમર્યાદાની કચેરી. (યુ એલ.સી.) વડોદરા.	,,
૧૨	શ્રી આર. કે. પારેખ	નાયબ મામલતદાર, અધિક કલેકટરશ્રી શહેરી જમીન ટોચમર્યાદાની કચેરી, (યુ. એલ. સી.) વડોદરા.	,,
૧૩	શ્રી બી. ડી. પઢિયાર	નાયબ મામલતદાર, અધિક કલેકટરશ્રી શહેરી, જમીન ટોચમર્યાદા ની કચેરી (યુ. એલ. સી.) વડોદરા.	,,
૧૪	શ્રી એસ. એમ. પરમાર	નાયબ મામલતદાર, અધિક કલેકટરશ્રી શહેરી, જમીન ટોચમર્યાદા ની કચેરી, (યુ. એલ. સી.) વડોદરા.	,,
૧૫	શ્રી એમ. બી. મકવાણા	નાયબ મામલતદાર, અધિક કલેકટરશ્રી શહેરી જમીન ટોચમર્યાદાની કચેરી (યુ. એલ. સી.) વડોદરા.	,,
૧૬	શ્રી ડી. જી. ચાંપાનેરીયા	નાયબ મામલતદાર, પુરવઠા શાખા, કલેકટર કચેરી, વડોદરા.	,,
૧૭	શ્રી એસ. એમ. મકવાણા	નાયબ મામલતદાર જમીન સુધારણા શાખા, કલેકટર કચેરી વડોદરા.	,,

વડોદરા, તારીખ ૨૭મી જૂન ૧૯૯૪.

આઈ. પી. ગૌતમ.
જિલ્લા મજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 90

REGISTERED No. G- A-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, JULY 4, 1994 / ASADHA 13, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનિજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/ જીજી-/ક્યુએલ/રીગ્રાન્ટ-૧૩.—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ, તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૧૦૩૦-૩૮૦, તારીખ ૨૦મી જાન્યુઆરી ૧૯૯૩ તથા સુધારા હુકમ નં. જીજી-ક્યુએલ/૧૦૩૦-૨૩૫૬, તારીખ ૨૦મી એપ્રિલ ૧૯૯૩ જે અન્વયે શ્રી ભવરસિંહ હેલસિંહ રાઠોડને મોજે દુધાપુરા, તાલુકો દે. બારિયાના સર્વે નંબર ૭૭/૧ પૈકી ૧-૦૦-૦૦ હેકટર વિસ્તારમાંથી બ્લેકટ્રેપ ખનીજ કાઢવા દશ વરસની મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો-૧૯૬૬ મુજબ તારીખ ૨૦મી એપ્રિલ ૧૯૯૩થી મંજુર કરી આપવામાં આવેલ હતું.

"અરજદારશ્રી મંજુરી હુકમ તારીખથી ૯૦ દિવસની અંદર કરારખત કરાવી લેવામાં નિષ્ફળ ગયેલ હોવાથી"

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ ના નિયમ-૧૮(૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતો વિસ્તાર આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જિલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
દુધાપુરા	દેવગઠબારીયા	પંચમહાલ	૭૭/૧ પૈકી	૧ ૦૦ ૦૦

ગોધરા, તારીખ ૧૩મી જૂન ૧૯૯૪.

અ. એસ. સુતરીયા,
(I. A. S.)
કલેકટર પંચમહાલ,
ગોધરા.

Supple. C G.I—Extra—90/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 91 REGISTERED No. G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JULY 6, 1994 / ASADHA, 15, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક પોલ / જાહેરનામા / ૩૨૪૫ થી ૩૨૮૦/૯૪.—આગામી તારીખ ૧૦મી જુલાઈ ૧૯૯૪ના રોજ રથયાત્રાનો તહેવાર હોવાથી તેમજ હાલમાં નર્મદા આંદોલનકારી કુ. મેધા પાટકરનો જળસમાધિનો કાર્યક્રમ જાહેર થયેલ હોવાથી આ સમય દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનર, વડોદરા (શહેર) વડોદરાના હકુમત હેઠળ સીવાયનો વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવા અત્યંત જરૂરી હોય વ્યક્તિઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂએ હું, જે. જી. હીંગરાજીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૩૦મી જુન ૧૯૯૪ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૪મી જુલાઈ ૧૯૯૪ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.
(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહી.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં:—
(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને;
(૨) કોઈ લગ્નના વરઘોડાને
(૩) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા કલમ-(૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ- ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૨૯મી જૂન ૧૯૯૪ના રોજ મારી સહી સિક્કો કરી આપ્યો.

જે. જી. હીંગરાજીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 92

REGISTERED No. G-BA-II E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

[PUBLISHED BY AUTHORITY]

Vol. XXXV] WEDNESDAY, JULY 6, 1994 / ASADHA 15, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા
હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ હુકમ.

ક્રમાંક એસ.બી. / ઉ-ગપક / જાહેરનામું/૨૧૬૮/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નાં ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ, હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહશાંતિ અને સલામતી જાળવવા સારૂં આથી ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી જુલાઈ ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ—

(ક) કોઈ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક અને તેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રિત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં;

(ઘ) કોઈ શબ, આકૃતિ કે પૂતળાં દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં;

(જ) જેનાથી સૂગ ચઢે અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ-વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં, અગર ફેલાવો કરવો નહિ.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી:—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેને શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો ભંગ કોઈપણ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને ઈન્ડીયન પીનલ કોડ કલમ-૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૩૦મી જૂન ૧૯૯૪નાં રોજ સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧) (બી) મુજબનો.

ક્રમાંક એસ.બી./ઉ-ગપક/જાહેરનામું/૨૧૬૯/૯૪.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોઈ, શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી-રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર-વર્તન કરતા હોય તેના કારણે સુલેહશાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબજ જરૂરી હોય, તેથી—

હું, હીરાલાલ (આઈ. પી. એસ),, પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના કલમ-૩૭ (૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ, ફરમાવું છું કે, શહેરમાં પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી જુલાઈ ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર-માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહીં અથવા તેવી કોઈ પ્રવૃતિ કરવી નહીં.

મેં આજ તારીખ ૩૦મી જૂન ૧૯૯૪ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) મુજબનો.

ક્રમાંક એસ. બી. / ઉ-ગપક /જાહેરનામું/૨૨૨૪ / ૯૪.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાનો જરૂર જણાય છે.

વાસ્તે, હું, હીરાલાલ (આઈ. પી. એસ.,) પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમ)ની કલમ ૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ, હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૬ઠ્ઠી જુલાઈ ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૦મી જુલાઈ ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.— આ હુકમમાંથી જેઓને અન્ત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ની મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૮૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૫મી જુલાઈ ૧૯૯૪ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 93 REGISTERED No. G-BA-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, JULY 7, 1994 / ASADHA 16, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે.

ક્રમાંક પોલ. જાહેરનામા. વશી. ૩૩૮૦ થી ૩૪૧૫/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મળેલ સત્તાની રૂએ હું. જે. જી. હીંગરાજ્યા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા આગામી તારીખ ૧૦મી જુલાઈ ૧૯૯૪ના રોજ રથયાત્રાનો તહેવાર આવતો હોવાથી તેમજ હાલમાં નર્મદા આંદોલનકારો કુ. મેધા પાટકરના જળસમાધિના કાર્યક્રમના અનુસંધાને જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૫મી જુલાઈ ૧૯૯૪ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૧૯મી જુલાઈ ૧૯૯૪ ના રોજ ૨૪-૦૦કલાક સુધી કોઈએ--

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી, કે લાઠ અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઈ વસ્તુઓ અને ફેંકવાના, ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહીં કે એકઠા કરવા નહી અથવા તૈયાર કરવા નહી;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી ;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં ;

(ચ) જેનાથી સુરૂચી નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં તેવા હાવભાવ કરવા નહી તથા તેવા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઈ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં, બતાવવી નહીં તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમ ૩ ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય ;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ૪ (ચાર) માસ અને વધુમાં વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે. આ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૪થી જુલાઈ ૧૯૯૪ ના રોજ મારી સહી કરી અને સિકકો કર્યો.

જે. જી. હીંગરાજ્યા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Supple. C. G.I.—Extra—93/1

INDEX

Extra No. 94 REGISTERED No. G-B.A-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JULY 8, 1994 / ASADHA 17, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયેની.

નંબર પી.ઓ.એલ./વશી/૩૪૨૪/૭૮.—તારીખ ૧૦મી જુલાઈ ૧૯૯૪ના રોજ 'રથયાત્રા' નો તહેવાર આવતો હોઈ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના, અનુસંધાને કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ગીરીશચંદ્ર મુર્મુ, આઈ. એ. એસ. જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૮મી જુલાઈ ૧૯૯૪ થી તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૪ સુધી (બંને દિવસો સહિત) ચાર કરતા વધુ માણસોએ એકત્ર થવું નહીં, ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. અથવા સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર :— સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો :— આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફૂટપાથો તથા ગલીઓ તથા પેટા ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :— આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામ-ગીરીમાં હોય, હોમગાર્ડઝ હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫મા અધિનિયમ) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૪થી જુલાઈ ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ગીરીશચંદ્ર મુર્મુ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

Supple. C. G.-I—Extra—94/1

INDEX

Extra No. 95 REGISTERED No. G-BA/4-8

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JULY 8, 1994 / ASADHA 17, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈના ૨૨માં) ની કલમ ૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૩૩૫૧-૦૬.—તારીખ ૧૦મી જૂન ૧૯૯૪ના રોજ રથયાત્રાનો તહેવાર આવતો હોઈ આ તહેવાર દરમ્યાન જાહેર શાંતિ, સલામતી તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે ઉકત કાયદાની કલમ ૩૭ (૧) અન્વયેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવું જરૂરી છે;

વાસ્તે, હું, જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૮મી જૂન ૧૯૯૪ થી તારીખ ૧૫મી જૂન ૧૯૯૪ સુધી (બંને દિવસો સુદ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું:—

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ એકઠા કરવા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબ તેમજ પૂતળાં દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) જેનાથી સૂરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બનાવવા તથા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીએ જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યકિતને.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર વ્યકિતને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૪થી જુલાઈ ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

Supple. C. G.—I-Extra—95/1

INDEX

Extra No. 9

REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JULY 8, 1994 / ASADHA 17, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં)ની કલમ ૩૭(૧) મુજબ.

ક્રમાંક ડી. બી. પી. એ. ૧૫-૯૪/વશી-૨૯૬૪ થી ૩૦૧૦.—પાલનપુર શહેરમાં બજરંગ દળ દ્વારા કાર્યક્રમો અપાતા હોઈ અષાઢીબીજ નિમિત્તે જિલ્લામાં રથયાત્રાઓ નીકળનાર હોઈ સરકાર કર્મચારીઓ અને અન્ય સંગઠનો દ્વારા કાર્યક્રમ આપવાનું નક્કી થયેલ હોવાથી જાહેર સલામતિ જોખમાય તેવા સંભવ હોવાથી જાહેર શાંતિ અને સલામતિ સારુ સમગ્ર બનાસકાઠાં વિસ્તારમાં નીચે જણાવેલ કૃત્યોની મનાઈ કરવાનું મને જરૂર લાગે છે.

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરી, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કંઈપણ સાધન સાથે લઈ જવું નહી,

(ખ) કોઈ ક્ષયકારી કે સ્ફોટક પદાર્થ સાથે લઈ જવો નહીં.

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તો વસ્તુઓ ફેંકવાના ધકેલવાના યંત્રો અથવા સાધનો સાથે લઈ જવા નહીં એકઠાં કરવા નહીં,

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા પુતળા દેખાડવા નહીં.

(ચ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાં નહી અશ્લીલ ગીતો ગાવા નહીં.

(છ) ઉત્તેજનાત્મક ભાષણો કરવાથી, ચાળા પાડવાથી, નકલ કરવાથી તથા છબીઓ બતાવવાથી અથવા તેનો ફેલાવો કરવાની રુચી અથવા નીતિનો ભંગ થતો હોય તેવું કરવાનું નહિ.

વાસ્તે હું શ્રી, એસ.એચ. વાઘેલા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલી સત્તાની રુએ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં સદરહુ કૃત્યો કરવાની મના કરું છું. આ હુકમ તારીખ ૧લી જૂલાઈ ૧૯૯૪થી તારીખ ૩૧મી જૂલાઈ ૧૯૯૪ સુધી બન્ને દિવસો સહિત અમલમાં રહેશે.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.

(૧) સરકારી નોકરો કે કામ કરતી કોઈ વ્યકિત કે જે તે ઉપરી અધિકારીએ એવું કંઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કાંઈ હથીયાર લઈ જવાની ફરજ હોય.

(૨) જિલ્લા મેજીસ્ટ્રેટ, અથવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, જિલ્લા પોલીસ અધિકારીશ્રીએ તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીશ્રી જે તે શારિરીક અશકિતના કારણે અથવા લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

આજરોજ તારીખ ૩૦મી માહે જૂન સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એસ. એચ. વાઘેલા,
અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા-પાલનપુર.

INDEX

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨માં) અધિનિયમની કલમ ૩૭ (૩) અન્વયેનો.

નંબર ડી. એમ. જી. બી. પી. એ. ૧૪/૯૪/૨૫૫/૩૦૧૧થી ૩૦૧૭.- પાલનપુર શહેરમાં બજરંગદળ દ્વારા જુદા-જુદા કાર્યક્રમો આવતા હોવાથી તથા અષાઢી બીજ નિમિત્તે જિલ્લાનાં પાલનપુર શહેર તથા અન્ય સ્થળોએ રથયાત્રા નીકળનાર હોઇ તથા સરકારી કર્મચારીઓ તથા અન્ય સંગઠનો દ્વારા જુદાજુદા કાર્યક્રમો આવવાનું નક્કી થયેલ હોવાથી સમગ્ર બનાસકાઠાં જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવાના હેતુ સારુ સમગ્ર બનાસકાઠાં જિલ્લાના વિસ્તારમાં ચાર કે તેનાથી વધુ વ્યકિતઓની કોઈ મંડળી સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાય છે.

તેથી હવે, મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં)ની કલમ ૩૭ની પેટા-કલમ-૩ થી મને મળેલ સત્તાની રૂએ હું, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાઠાં આથી બનાસકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧લી જુલાઈ ૧૯૯૪ થી ૩૧મી જુલાઈ ૧૯૯૪ સુધીની (બંને દિવસો સહિત) મુદત માટે મનાઈ ચાર કરતાં વધુ વ્યકિતઓની કોઈ મંડળીને સભા ભરવા કે બોલાવવા તેમજ સરઘસ માટે મનાઈ ફરમાવું છું

વધુમાં હુ આદેશ કરું છું કે, આ હુકમ નીચેનાને લાગુ પડશે નહી.

(૧) સરકારની નોકરીમાં તથા રોજગારમાં હોય તે વ્યકિતઓને.

(૨) ફરજ ઉપરની હોય તેવી ગૃહરક્ષકદળની વ્યકિતઓને.

(૩) કોઈ લગ્નના વરઘોડાને.

(૪) કોઈ સ્મશાન યાત્રાને.

આ હુકમનો કોઈ ભંગ અથવા ઉલ્લંઘન કરવા બદલ સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ની પેટા-કલમ-૩ અને ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ (સને ૧૮૬૦ના ૪૫માંની) કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૩૦મી માહે જુન, સને ૧૯૯૪ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કર્યો.

એસ. એસ. વાઘેલા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, બનાસકાંઠા,
પાલનપુર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No 97 REGISTERED No. GBA-14/E





The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vo.XXXV MONDAY, JULY 11, 1994 / ASADHA 20, 1916

Separate paging is given to each part of the Supplement to the Central and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ ૩૩(૧) (ખ) મુજબનું.

નંબર ઉ/મકપ/પલસ/મન્જસ/વશી /૨૨૭૦.—અમદાવાદ કુલાનકલાલ બાલાશિનોર લુણાવાડા રસ્તાના અગરવાડા પાસેના મહી નદી ઉપરના પુલને સને ૧૯૯૦ના વર્ષના ભારે વરસાદ અને પુરના કારણે નુકશાન થયેલ હતું જેનું રીપેરીંગ કામગીરી મ. અને મા વિભાગ દ્વારા હાથ ધરવાની હોવાથી જાહેર સલામતીની દષ્ટિએ સદર પુલ ઉપરથી પસાર થતા તમામ પ્રકારના ટ્રાફીકને બીજી નોટિસ બહાર ન પડે ત્યાં સુધી બંધ કરવા માટે કાર્યપાલક ઈજનેરશ્રી મ. અને મા. વિભાગ ગોધરાએ તેઓના પત્ર નં. પીબી/લુણાવડા/૫૯૩/૯૪ના તારીખ ૧૫મી જૂન ૧૯૯૪ના અને જા. નં. પીબી લુણાવાડા/૬૩૮ તારીખ ૨૭મી જૂન ૧૯૯૪ થી વિનંતિ કરેલ છે.

જેથી સદરહુ પુલનું રીપેરીંગ કામ કરવા સારુ અને રીપેરીંગ કામ દરમ્યાન કોઈ અકસ્માત કે જાનહાનિ ન થાય તે ધ્યાનમાં લઈ જાહેર હિતમાં મુંબઈ પોલીસ અધિનિયમની, ૧૯૫૧ની કલમ ૩૩ ની પેટા કલમ (૧) (ખ) અન્વયે મળેલ અધિકારની રૂએ હું એ. એસ. સુતરીયા, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ ગોધરા, તે પંચમહાલ જિલ્લાના અમદાવાદ કુલાનકલાલ-બાલા શિનોરલુણાવાડા રસ્તાના અગરવાડા તાલુકે લુણાવાડા પાસેના મહી નદી ઉપરના પુલને તાત્કાલિક અસરથી બીજો હુકમ ન થાય ત્યાં સુધી ના સમયગાળા માટે તમામ પ્રકારના ટ્રાફીકનો અવરજવર માટે પ્રતિબંધ ફરમાવું છું.

આજ તારીખ ૩૦મી માહે જુન ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

એ. એસ. સુતરીયા,
જિલ્લા મેજિસ્ટ્રેટ, પંચમહાલ,
ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 98 REGISTERED No G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JULY 20, 1994 / ASADHA, 29, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક પોલ / જાહેરનામા / ૩૪૩૯ થી ૩૫૧૪/૯૪.—હાલમાં વિધાનસભા સત્ર ચાલુ હોઈ, સરકારી કર્મચારીઓની વિવિધ માંગણીના સંદર્ભમાં અચોકકસ મુદતની હડતાલના એલાનના કારણે તેમજ આગામી તહેવારોને અનુલક્ષીને સદરહું સમય દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનર, વડોદરા (શહેર) વડોદરાના હકુમત હેઠળ સિવાયનો વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહશાંતિ અને સલામતી જાળવવા અત્યંત જરૂરી હોઈ વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

તેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) ની કલમ-૩૭ ની પેટા-કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું, જે. જી. હીંગરાજીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૬મી જુલાઈ ૧૯૯૪ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૩૦મી જુલાઈ ૧૯૯૪ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન.

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહીં.
(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહી.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં:—
(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને;
(૨) કોઈ લગ્નના વરઘોડાને;
(૩) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને
(૪) કોઈપણ સ્મશાનયાત્રાને
(૫) કોઈપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

આ હુકમનો કોઈપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહું અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ- ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૧૨મી જુલાઈ ૧૯૯૪ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

જે. જી. હીંગરાજીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 99 REGISTERED No. G—[illegible]

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, JULY 22, 1994 / ASADHA 31, 1916.

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલિસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./ઉગ્રપક/જાહેરનામું/૨૩૩૦/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમ)ની કલમ ૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું, હિરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતિ જાળવવા સારું આથી હું ફરમાવું છું કે વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી જુલાઈ ૧૯૯૪ના કલાક ૦૦.૦૦ થી તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૪ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.—

(ક) કોઈ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક અને તેવા સાધનો કે ચીજથી હીંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહી;

(ખ) પથ્થરો અથવા ફેંકવાના સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહી;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહિ;

(ઘ) કોઈ શબ, આકૃતિ કે પૂતળા દેખાડવા નહી;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહી;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાના ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવા નહીં અથવા ટોળામાં ફરવું નહી;

(જ) જેનાથી કુરુચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં, તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં, અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમનોભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી:—

૧. સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને;

૨. જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાંનો ભંગ કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઈ.પી.કો. કલમ ૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂા. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૪ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હિરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ ૩૭ (૧) (બી) મુજબનો.

ક્રમાંક એસ.બી./ઉ-ગપક/જાહેરનામું/૨૩૩૧/૯૪.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય, શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રીકેટની રમત રમી, રમાડી, શેરીઓ, ગલીઓમાં, કે જાહેરમાર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેનાં કારણે સુલેહ શાંતિ જોખમાય તેવો સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબ જરૂરી હોય તેથી.

હું, હીરાલાલ (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ની કલમ. ૩૭(૧)(બી) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે શહેરનાં પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી જુલાઈ ૧૯૯૪ થી કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૪નાં કલાક ૨૪-૦૦ સુધી કોઈ-પણ ઈસમ, બાળકો, છોકરાઓ, વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર-માર્ગો, ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહિ અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહી.

મેં આજ તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૪નાં રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૭(૧)(ગ) અન્વયે કાઢેલો.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૨૩૩૨/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧નાં ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭(૧)(ગ) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, હીરાલાલ (આઈ. પી. એસ.) પોલીસ કમીશનર વડોદરા શહેર.

વડોદરા શહેરમાં તારીખ ૧૯મી જુલાઈ ૧૯૯૪ના રોજ અષાઢી એકાદશીનાં ધાર્મિક તહેવાર આવે છે. જે ફુગ્ગા અગિયારસ તરીકે પણ ઉજવાય છે. આ દિવસે ઘણી મોટી સંખ્યામાં સ્ત્રી/પુરુષો મંદિરમા પુંજાઅર્ચન માટે જતા હોય છે. આ અગિયારસનાં દિવસે બાળકો, તથા યુવાવર્ગ ફુગ્ગામાં પાણી, રંગ, કાદવ, કાંકરા, ઓઈલ જેવા પદાર્થો ભરી જતા આવતા વાહનોમાં મુસાફરી કરનારાઓ ઉપર કે પગે ચાલી જતા આવતા સ્ત્રી/પુરુષો ઉપર ફેંકતા હોય છે. જેના કારણે વાહન ચાલકોને કાંકરા વિગેરે વાગતાં અથવા આંખોમાં કાંકરા વિગેરે પડવાથી સ્ટેરીંગ ઉપરની કાબુ ગુમાવી બેસે છે. અને અકસ્માત સર્જાય, મુસાફરી કરતાં માણસોને ઈજા થવા સંભવ છે. તેમજ ઘણીવાર મારામારી થવાનાં પ્રસંગો ઊભા થતાં સુલેહ શાંતિનો ભંગ થાય છે. અને કાયદો અને વ્યવસ્થાની ગંભીર પરિસ્થિતિ ઊભી થઈ જાય છે.

વડોદરા શહેરમાં આ દિવસે સુલેહ શાંતિ અને સલામતિ જળવાઈ રહે તે સારુ આથી હું ફરમાવું છું કે, વડોદરા શહેરના સમગ્ર પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૭મી જુલાઈ ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૨૧મી જુલાઈ ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી,

(ગ) કોઈ પ્રકારનાં ફુગ્ગા કે પ્લાસ્ટીકની થેલીમાં પાણી કે કાદવ રેતી કાંકરા રંગ તેલી પદાર્થ કે શારિરીક ઈજા પહોંચાડે તેવા કોઈપણ પદાર્થોને ભરીને જાહેરમાં જતા આવતા વાહનોમાં કે માણસો ઉપર ફેંકશે નહી કે આવા ફુગ્ગાઓ ભેગા કે જમા કરશે નહી એકઠા કરશે નહિ.

આ જાહેરનામાંની કલમ ૩૭(૧) (ગ) પ્રમાણેનો કોઈ ઉલ્લંઘન કરશે તેને ઓછામાં ઓછી ચાર માસની કે વધુમાં વધુ એક વર્ષની સજા થશે. અને મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ-૧૩૫(૧) મુજબ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૪ના રોજ મારી સહી કરી ને સીક્કા મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમીશનર, વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 100 REGISTERED No. G- -A.14--E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, JULY 25, 1994 / SRAVANA 3, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે.

નં. પીઓએલ/વશી ૩૫૮૧/૮૭.—તારીખ ૨૨મી જુલાઇ ૧૯૯૪ના રોજ અષાઢ સુદ પુનમનો તહેવાર હોઇ ડાકોર ખાતે મેળો ભરાનાર છે. સદર મેળામાં ઘણા મોટા પ્રમાણમાં ભાવિક ભકતો અને યાંત્રિકો ગુજરાત ભરમાંથી આવતા હોય છે અને અડેધડ વાહનો પાર્ક થતાં હોઇ આમ જનતા તથા યાત્રિકોને ભારે હલાકી ભોગવવી પડે અને પરિણામે નાના મોટા અકસ્માતો થવાનો સંભવ રહે છે. તેથી આવા તહેવાર નિમીત્તે ટ્રાફીકનું નિયમન કરવું ખુબજ જરૂરી બને છે.

સબબ મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૩(૧) થી મને મળેલ સત્તાની રૂઇએ તારીખ ૨૧મી જૂલાઇ ૧૯૯૪ થી તારીખ ૨૨મી જૂલાઇ ૧૯૯૪ (બંને દિવસો સુધ્ધાંત) ડાકોર નગર પંચાયતના તમામ જકાતનાકાથી અંદરના ભાગમાં ચાર પૈડાના વાહનોની પ્રવેશ બંધી ફરમાવું છું.

અપવાદ :

સરકારી વાહન, ફાયર બિગ્રેડના વાહનો , એમ્બુલન્સ વાન, એસ. ટી. બસ તથા ડાર્કવે ઉપરથી બારોબાર પસાર થતાં વાહનોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઇ પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે

આજ, તારીખ ૨૧મી, જુલાઇ ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. સી. મુર્મુ,
જિલ્લા મેજીસ્ટ્રેટ, ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, GANDHINAGAR.

INDEX

Extra No. 101 REGISTERED No. G—BA-99-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

XXXVJ MONDAY, JULY 25, 1994 / SRAVANA 3, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/૩૫૮૮/૯૪.—તારીખ ૨૨મી જુલાઈ ૧૯૯૪ના રોજ અષાઢી પુનમના તહેવાર નિમીત્તે ડાકોર તા. ઠાસરા મુકામે મેળો ભરાનાર હોઈ ઘણા મોટા પ્રમાણમાં યાત્રિકો એકઠા થવાની શક્યતાઓ છે. જેથી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા સદર મેળામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને તેના અનુસંધાનમાં જિલ્લામાં આવેલ સંવેદનશીલ વિસ્તારોમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ ૩૭ (૧) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે;

વાસ્તે, હું, જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૨૧મી જુલાઈ ૧૯૯૪ થી તારીખ ૩૦મી જુલાઈ ૧૯૯૪ સુધી (બંને દિવસો સુદ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું:—

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ એકઠા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) જેનાથી સૂચુચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે ખેકાડો અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બનાવવા તથા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓ કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૧મી જુલાઈ ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 102 REGISTERED No. G-SA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, JULY 27, 1994 / SRAVANA 5, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયેનો.

નંબર પી.ઓ.એલ./વશી/૩૬૩૦/૬૦.—તારીખ ૩૦મી જુલાઈ ૧૯૯૪ના રોજ તથા તારીખ ૩૧મી જુલાઈ ૧૯૯૪ના રોજ મહોરમ ચાલીસા અંગે પ્રોસેસન નિકળનાર હોઈ તથા તારીખ ૧લી ઓગષ્ટ ૧૯૯૪ના રોજ 'રેલ રોકો' આંદોલનના સંદર્ભમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તથા જિલ્લાના સંવેદનશીલ વિસ્તારોમાં તેના, અનુ-સંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાતો ન પડે તે માટે બોમ્બે પોલિસ એકટ કલમ-૩૭ (૩) મુજબ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જી. સી. મુર્મુ, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, તારીખ ૨૭મી જુલાઈ ૧૯૯૪ થી તારીખ ૪થી ઓગસ્ટ ૧૯૯૪ થી (બંને દિવસો સુદ્ધાંત) ચાર કરતાવધુ માણસોએ એકત્ર થવું નહી, ચાર કરતા વધુ માણસોની સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :— સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો :— આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથો તથા ગલીઓ અને પેટા-ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :— આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામ-ગીરીમાં હોય, હોમગાર્ડઝ હોય જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫મા) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૫મી જુલાઈ ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જી. સી. મુર્મુ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 103 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vo. XXXV WEDNESDAY, JULY 27, 1994/SRAVANA 5, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૧)/૯૪.—તારીખ ૧૨મી જુલાઈ ૧૯૯૪ના રોજથી ગુજરાત રાજ વિધિ કર્મચારી મંડળોએ અચોક્કસ મુદતની હડતાલ જાહેર કરેલ હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે :—

વાસ્તે, હું, શ્રી પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૧) થી મને મળેલ અધિકારની રૂએ, તારીખ ૧૬મી જુલાઈ ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી જુલાઈ ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું :—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું ;

(૨) પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું ;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો, અથવા તે ફેંકવાના કે નાખવાના કે ઘકેલવાના શસ્ત્રો, અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું ;

(૪) કોઈ સરઘસમાં જ્વલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું ;

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળાં દેખાડવાનું, સૂત્રો પોકારવાનું, અથવા અસ્લીલ ગીતો ગાવાનું ;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, જેનાથી સૂરુચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું.

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય ;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈપણ અધિકારીશ્રીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ ;

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી, અથવા જે તે વિસ્તારના સબ-ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીઓ

INDEX

અગાઉથી લેખિત મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

૪. આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫(૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

આજ તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ./જાહેરનામું/૩૭(૩)/૯૪.—તારીખ ૧૨મી જુલાઈ ૧૯૯૪ ના રોજથી ગુજરાત રાજય વિવિધ કર્મચારી સંસ્થાઓએ અચોકકસ મુદતની હડતાલ જાહેર કરેલ હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે, હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ, આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૬મી જુલાઈ ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦ મી જુલાઈ ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો :

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫મા અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી જુલાઈ ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા, હિંમતનગર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 104 REGISTERED No. G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVI] WEDNESDAY, JULY 27, 1994 / SRAVANA 5, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART-I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના સદરહે અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) મુજબની.

ક્રમાંક એસ. બી. / ઉ-ગપક /જાહેરનામું/૨૨૬૫/૯૪.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, હીરાલાલ (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ(સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ, હું ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૬મી જુલાઈ ૧૯૯૪ના કલાક 00-00 થી તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ ૧૯૯૪ના કલાક ૨૪-00 સુધી ચાર કરતાં વધારે વ્યક્તિઓએ ભેગા થવું નહીં અગર સભા ભરવી કે બોલાવવી નહીં. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની, કલમ ૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની, સને ૧૯૬૦ની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૪ના રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 105 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

XXXV] THURSDAY, JULY 28, 1994 / SRAVANA 6, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નંબર એમએજી/વશી/૩૪૫૬/૯૪.—સને ૧૯૭૩ના (સને ૧૯૭૪ના રજા એકટ) ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૧૭૪ થી મળેલ અધિકારની રુએ હું, આઈ. પી. ગૌતમ (આઈ. એ. એસ.), જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, આથી નીચે જણાવેલ એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટને તાત્કાલિક અસરથી તેઓની સામે જણાવેલ વિસ્તાર માટે સદર અધિનિયમની કલમ-૧૭૪ હેઠળના અધિકાર આપુ છું.

આનુ. નંબર	એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટનું નામ તથા હાલ કયાં ફરજ બજાવે છે	વિસ્તાર
૧	શ્રી એમ. કે. ઠાકોર, ઓફીસર ઈન ચાર્જ, વડોદરા	પોલીસ કમિશનરશ્રી, અને જિલ્લા પોલીસ અધિકારીશ્રી (ગ્રામ્ય) ની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર
૨	શ્રી અનીલ ત્રિવેદી, ના. મામલતદાર, નાયબ કલેકટરશ્રી, સ્ટેમ્પ ડયુટી, નર્મદા ભુવન, વડોદરા	,,

વડોદરા, તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૪.

આઈ. પી. ગૌતમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, BARODA.

Supple. C. G. I.—Extra—105/1

INDEX

Extra No. 106 REGISTERED No. G—8644/5

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SATURDAY, JULY 30, 1994 / SRAVANA 8, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ ૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી ૩૬૬૧/૨૭.—તારીખ ૧લી ઓગષ્ટ ૧૯૯૪ના રોજથી શતાબ્દી એકસપ્રેસને નડીયાદ મુકામે તથા કર્ણાવતી એકસપ્રેસને આણંદ મુકામે સ્ટોપેજ આપવા બાબતે આણંદ નગરપાલીકાના પ્રમુખશ્રી દ્વારા "રેલ રોકો સત્યાગહનું એલાન આપવામાં આવેલ છે. જેમાં વડોદરા તરફથી આવતી ટ્રેનોને આણંદ મુકામે તથા અમદાવાદ તરફથી આવતી ટ્રેનોને નડીયાદ મુકામે અચોકકસ મુદત સુધી રોકનાર છે. જેથી તેના સંદર્ભમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તથા સદરહુ કાર્યક્રમ દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે તે માટે ઉકત કાયદાની કલમ ૩૭ (૧) અન્વયેનુ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ સમગ્ર ખેડા જિલ્લાના વિસ્તાર તારીખ ૧લી ઓગષ્ટ ૧૯૯૪ થી તારીખ ૧૦મી ઓગષ્ટ ૧૯૯૪ સુધી (બંને દિવસો સુધ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું:

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કેલાઠી, સળગતી મશાલ અથવા બીજા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ એકઠા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબ અથવા આકૃતિઓ અથવા પૂતળાં દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) જેનાથી સુરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈ પણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બનાવવા તથા ફેલાવો કરવાનું.

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી કે તેમણે અધિકૃત કરેલ કોઈપણ પોલીસ અધિકારીઓ કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોઈ તે વ્યકિત.

આ જાહેરનામાના કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૮૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૮મી જુલાઈ ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 107 REGISTERED No. G-BA-14-E

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, AUGUST 4, 1994 / SRAVANA 13, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧)બી મુજબનો.

ક્રમાંક એસ. બી. / ઉગપક/જાહેરનામું/૨૪૭૯/૯૪.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતાં હોય શહેરમાં કેટલાક ઈસમો બાળકો, છોકરાઓ કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતિ જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી, રમાડી, શેરીઓ, ગલીઓમાં, કે જાહેરમાર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય જેના કારણે સુલેહ શાંતિ જોખમાય તે સંભવ હોય આથી કૃત્ય અટકાવવું ખુબ જરૂરી હોય તેથી,

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, NOVEMBER 29, 1994 / AGRAHAYANA 8, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as separate compilation

PART–I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

BY COMPETENT AUTHORITY AND ADDITIONAL COLLECTOR

Notification

THE URBAN LAND (CEILING AND REGULATION) ACT, 1976.

[Under section 10 (*1*) *read* with Rule 6].

No. ULC / 1076 / 1115—D /8685to 8688/ 94.—It is hereby notified that such vacant land as is described in the schedule below is to be acquired by the Government of Gujarat. The claims of all person interested in such vacant land may be made by them personally or by their agents giving particulars of the nature of their interest. The claims will be received by the Competent Authority upto thirty days after the date of publication of this notification in the *Gazette*.

SCHEDULE

Name of the holder : Zulekha W/O Mohamad abdullah. Ahemadmurad. Hakim and others.

Details of vacant land to be acquired :—

District	Taluka	Village	Description of the land		Remarks
			Survey No.	Area (Sq. mtrs.)	
1	2	3	4-(a)	4-(b)	5
Vadodara	Vadodara	Akota.	58, 59, 60 62,65	108	

F, P. No. 68

Vadodara, 10th November 1994.

T. L. CHAUHAN
Competent Authority and
Additional Collector,
Urban Land Ceiling, Vadodara,

INDEX

સક્ષમ અધિકારી અને અધિક કલેક્ટર દ્વારા

જાહેરનામું

ગ્રહેરી જમીન (ટોચ-મર્યાદા અને નિયમન) અધિનિયમ, ૧૯૭૬.
[કલમ ૧૦ (૧) તથા નિયમ-૬ અનુસાર].

નંબર યુ.એ૨.સી.-૧૦૭૬/૧૧૧૫-ડી./૮૬, ૮૫, ૮૬૮૬, ૮૬૮૭, ૮૬૮૮/અકોટા.—આથી જાહેર કરવામાં આવે છે કે આ સાથે સામેલ રાખેલ પરિશિષ્ટમાં જણાવેલી વિગતવાળી ખુલ્લી જમીન ગુજરાત સરકાર સંપાદન કરનાર છે. સદરહુ જમીન ઉપર જે કોઈ ઈસમનો હક્ક દાવો હશે તેઓએ જાતે અગર અધિકૃત એજન્ટ મારફતે તેઓએ હક્ક અંગેનો હક્ક સંબંધીની સંપૂર્ણ વિગત સહ રજૂ કરશે.

હક્ક સંબંધીનો દાવો સક્ષમ અધિકારીશ્રી સદરહુ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી 30 દિવસની મુદ્દત મુદ્દતમાં સ્વીકારાશે.

પરિશિષ્ટ

પત્રક મુજબ કરનારનું નામ : ઠુલેખા તે મોહમદ અબ્દુલ્લાહ એહમદ મુરાદ હકીમ ની વિધવા તથા અન્ય.
સંપાદન કરવાની ખુલ્લી જમીનની વિગત :—

જિલ્લો	તાલુકો	ગામ	જમીનની વિગત		શેરો
			સર્વે નંબર	વિસ્તાર (ચો. મી.)	
૧	૨	૩	૪-અ	૪-બ	૫
વડોદરા	વડોદરા	અકોટા	૫૮ ના ફા. ૫૯ પ્લોટનં. ૬૦ ૬૮ ૬૨ ૬૫	૧૦૮	

વડોદરા, તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૪.

ટી. એલ. ચૌહાણ,
સક્ષમ અધિકારી અને અધિક કલેકટર,
ગ્રહેરી જમીન ટોચમર્યાદા, વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 159 REGISTERED No. G-BA--14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, NOVEMBER 30, 1994 / AGRAHAYANA 9, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે. કાઢેલા.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૪૫૧૫/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઈએ હું, હીરાલાલ (આઈ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારૂં આથી હું ફરમાવું છું કે, વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૫મી ડિસેમ્બર ૧૯૯૪ ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ—

(ક) કોઈ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, અને બંદુક જેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહીં.

(ખ) પથ્થરો અથવા ફેંકવાનાં સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં.

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહીં

(ઘ) કોઈ શબ આકૃતિ કે પૂતળા દેખાડવા નહીં.

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહીં.

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાનાં ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવાં નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

(જ) જેનાથી સૂરૂચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં. તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી :—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઈ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરીક અશકિતને કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૪ના રોજ મારી સહી કરી સિક્કા મારેલ છે.

હિરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

INDEX

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમ)ની કલમ-૩૭ (૧) બી મુજબનો.

ક્રમાંક એસ.સી./ઉગપક/જાહેરનામું/૪૫૧૬/૯૪.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ, કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબજ જરૂરી હોય, તેથી.—

હું, હીરાલાલ (આઈ.પી. એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૭(૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, શહેરનાં પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૪ના કલાક ૦૦-૦૦થી તારીખ ૧૫મી ડિસેમ્બર, ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાઓ વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહી અથવા તેવી કોઈ પ્રવૃત્તિ કરવી નહી.

મેં આજ તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૪ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No 161 REGISTERED No. GBA-14-E

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, DECEMBER 7, 1994 / AGRAHAYANA 16, 1916

Separate paging is given to each part of the Supplement to the Central and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું / ૩૭(૧)૯૪.— જિલ્લામાં ખેડબ્રહ્મામાં તથા શામળાજી મુકામે કારતકી પૂનમનો મોટો મેળો તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૯૪ના રોજ ભરાનાર હોઇ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે :—

વાસ્તે, હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો હિંમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું.

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી, જેનાથી શારીરીક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું;

(૨) પથ્થરો, પદાર્થો અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા તે ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું;

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું;

અપવાદ.—આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:-

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવુ કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ;

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો ચૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ

INDEX

ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા જે તે વિસ્તારના સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, કે એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ, કીએ આગાઉથી લેખિત મંજુરી આપી હોય તેવી સંસ્થાઓ કે વ્યકિતઓ.

આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૩)/૯૪.—જિલ્લામાં ખેડબ્રહ્મા તથા શામળાજી મૂકામે કારતકી પૂનમનો મોટો મેળો તારીખ ૧૮મી નવેમ્બર ૧૯૯૪ના રોજ ભરાનાર હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ, સાબરકાંઠા, જિલ્લો હિમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લાના સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૬મી નવેમ્બર ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૦મી નવેમ્બર ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો :

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડઝ કે જેઓ સરકારી ફરજ પર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર સને ૧૯૫૧ના પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ની ૪૫મા અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી નવેમ્બર ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 162

REGISTERED No. G-E&A-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THUSRDAY, DECEMBER 8, 1994 / AGRAHAYANA 17, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૩) અન્વયેનો. નંબર પી.આ.ઓલ./વશી.—૪૧૯૨-૪૨૪૭.—ભૂતકાળમાં અયોધ્યા મુકામે બનેલા બનાવો બાબતે આગામી ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૪ને અનુલક્ષીને જિલ્લાની પરિસ્થિતી ધ્યાને લેતાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાને કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ-૩૭ (૩) મુજબનું જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, ગીરીશચંદ્ર મુર્મુ, આઈ. એ. એસ.,જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨માં) ની કલમ-૩૭ (૩) મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર ૧૯૯૪ થી તારીખ ૭મી ડિસેમ્બર ૧૯૯૪ સુધી (બંને દિવસો સુધ્ધાંત) ચાર કરતા વધુ માણસોએ એકત્ર થવું નહી, ચાર કરતા વધુ માણસોની કોઈ સભા ભરવી કે બોલાવવી નહી અથવા સરઘસ કાઢવું નહી.

વિસ્તાર :— સમગ્ર ખેડા જિલ્લો.

ખુલાસો .— આ વિસ્તારમાં રસ્તાઓ, રસ્તાની ફુટપાથો, ગલીઓ તથા પેટા-ગલીઓનો પણ સમાવેશ થાય છે.

અપવાદ :— આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામ-ગીરીમાં હોય, હોમગાર્ડઝમાં જેઓ ફરજ ઉપર હોય તેમને તથા મરણોત્તર તેમજ લગ્ન અંગેના સરઘસને લાગુ પડશે નહી.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ (સને ૧૮૬૦ના ૪૫મા) ની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૫મી ડિસેમ્બર ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

ગીરીશચંદ મુર્મુ,
જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

Supple. C. G. I—Extra- 162/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 163

REGISTERED No. G-SA-14-E





The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, DECEMBER 8, 1994 / AGRAHAYANA 17, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૪૧૩૬-૯૧.—ભુતકાળમાં અયોધ્યા મુકામે બનેલા બનાવો બાબતે આગામી ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૪ને અનુલક્ષીને જિલ્લાની પરિસ્થિતિ ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જિલ્લાના સંવેદનશીલ અને અતિ- સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ ૩૭ (૧) મુજબ જાહેરનામું બહાર પાડવું જરૂરી જણાય છે.

વાસ્તે, હું, જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, કલમ ૩૭ (૧)થી મને મળેલ અધિકારની રૂઈએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૫મી ડિસેમ્બર ૧૯૯૪ થી તારીખ ૧૬મી ડિસેમ્બર ૧૯૯૪ સુધી (બંને દિવસો સુદ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપ ો પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું;

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ એકઠા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) જેનાથી સૂરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે પ્લેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું તથા ફેલાવો કરવાનું,

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી કે તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીઓ કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સન ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ પમી ડીસેમ્બર ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા

Supple. C. G. I—Extra—163/1

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 164 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SATURDAY, DECEMBER 10, 1994 / AGRAHAYANA 19, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭ (૧)/૯૪.—અયોધ્યા મુકામે તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૪ના રોજ બનેલ બનાવના અનુસંધાને આગામી તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૪ લક્ષમાં લઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે,

વાસ્તે હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ તારીખ ૩જી ડિસેમ્બર ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી ડિસેમ્બર ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું:—

(૧) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાઠી કે લાકડી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું.

(૨) પથ્થરો, અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું;

(૩) પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું;

(૪) કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું,

(૫) વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પૂતળા દેખાડવાનું, સૂત્રો પોકારવાનું અથવા અશ્લિલ ગીતો ગાવાનું;

(૬) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સૂત્રો પોકારવાનું, જેનાથી સૂરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનો તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું તથા પત્રો, પત્રિકાઓ પ્લેકાર્ડો અથવા તેનો ફેલાવો કરવાનું;

અપવાદ :

આ હુકમનો ખંડ ૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહી :—

(૧) સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીશ્રીએ જેને શારીરિક

INDEX

અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ.

(૩) કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારો ધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા જે તે વિસ્તારના સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ, અગાઉથી લેખિત મંજુરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

(૪) આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની કેદની સજા અને દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨જી ડિસેમ્બર ૧૯૯૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭(૩) અન્વયેનું.

નંબર પીઓએલ/જાહેરનામું/૩૭(૩) /૯૪.—અયોધ્યા મુકામે તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૨ના રોજ બનેલ બનાવના અનુસંધાને આગામી તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૪ લક્ષમાં લઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો હિમતનગર ને ૧૯૫૧મા મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭(૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૩જી ડિસેમ્બર, ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો :

આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોઈ તેમજ હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોઈ તેઓને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ ૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫માં અધિનિયમની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA

INDEX

Extra No. 165 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, DECEMBER 12, 1994 / AGRAHAYANA 21, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) મુજબનો.

ક્રમાંક એસ. બી. /ઉગપક / જાહેરનામું / ૪૬૫૨ / ૯૪.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરના નીચેનાં વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતિ જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું, હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ, (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ-૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ હું, ફરમાવું છું કે નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૧૨મી ડિસેમ્બર ૧૯૯૪ના ૧૭ 00-00 થી તારીખ ૨૬મી ડીસેમ્બર, ૧૯૯૪ના કલાક ૨૪-00 સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓએ ભેગા થવું નહીં. અગર સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફૂટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

અપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોઈ તેમજ લગ્નના વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહિ.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતીય ફોજદારી અધિનિયમની સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં, આજ તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૪નાં રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 166 REGISTERED No. G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, DECEMBER 13, 1994 / AGRAHAYANA 22, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

નં બાર આર્મ્સ-વશી-૩૫૧૩ થી ૩૫૧૮/૯૪.—આગામી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૪ના રોજ પાદરા અને ડભોઈ નગરપાલિકાની ચૂંટણીઓ યોજાનાર છે. પાદરા અને ડભોઈની કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ નજર સમક્ષ લેતા જાહેર સુલેહશાંતિ તેમજ જાહેર સુરક્ષા જળવવા માટે પાદરા નગરપાલીકા અને ડભોઈ નગરપાલીકા વિસ્તારના હથિયાર પરવાનેદારોના હથિયાર તથા કારતુસો નજીકના પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા જરૂરી આદેશ કરવો હિતાવહ છે.

સબબ, પાદરા અને ડભોઈ શહેરમાં શાંતિ તથા લોકોની જાહેર સલામતી જળવાઈ રહે તે હેતુસર શસ્ત્ર અધિનિયમ, ૧૯૫૯ની કલમ-૧૭ (૩) (બી) ની જોગવાઈ અનુસાર અનુસૂચિમાં જણાવેલ વિસ્તારના પરવાનેદારોના હથિયાર પરવાના તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪ થી ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૪ સુધીની મુદત માટે જાહેર શાંતિ અને સલામતી માટે મોકુફ કરવામાં આવે છે જેથી અનુસૂચિમાં દર્શાવેલ વિસ્તારના તમામ હથિયાર પરવાનેદારોએ તેમનો હસ્તકના હથિયાર તથા કારતુસો સંબંધકર્તા પોલીસ સ્ટેશનમાં જમા કરાવવા આથી હુકમ કરવામાં આવે છે.

જે તે પોલીસ ઈન્સ્પેકટરશ્રીઓ/સંબધુ ઈન્સ્પેકટરશ્રીઓએ તેમના તાબામાં આવતા તમામ પરવાનેદારોના હથિયારો તથા કારતુસો તાત્કાલિક મેળવી પોલીસ સ્ટેશનમાં જમા કરાવી રીપોર્ટ કરાવો.

અનુસૂચિ

(૧) પાદરા નગરપાલીકા વિસ્તાર,
(૨) ડભોઈ નગરપાલીકા વિસ્તાર.

વડોદરા, તારીખ ૧૨મી ડિસેમ્બર, ૧૯૯૪.

આઈ. પી. ગૌતમ,
જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, BARODA.

INDEX

Extra No. 167 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] TUESDAY, DECEMBER 13, 1994 / AGRAHAYANA 22, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૧) અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક પોલ / જાહેરનામા / ૫૫૯૬ થી ૫૬૧૯/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (મુંબઈ ૨૨માં) અધિનિયમની કલમ-૩૭ (૧) (ક) અન્વયે મળેલ સત્તાની રૂએ હું, જે. જી. હીંગરાજીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૪ના રોજ પાદરા તેમજ ડભોઈ નગરપાલિકાની ચુંટણી થનાર હોઈ જિલ્લામાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર શાંતિ અને સલામતી જાળવવા ફરમાવું છું કે, વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં તારીખ ૧૨મી ડિસેમ્બર ૧૯૯૪ના રોજ ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૬મી ડીસેમ્બર ૧૯૯૪ના રોજ ૨૪-૦૦ કલાક સુધી કોઈએ—

(ક) શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, બંદુક, છરા, લાકડી કે લાઠી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવું કોઈપણ સાધન લઈ જવું નહીં ;

(ખ) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે લઈ જવા નહીં;

(ગ) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી કોઇ વસ્તુઓ અને ફેંકવાના, ધકેલવાના યંત્રો સાધનો લઈ જવા નહીં કે એકઠા કરવા નહીં અથવા તૈયાર કરવા નહી;

(ઘ) મનુષ્યો અથવા શબો અથવા આકૃતિઓ અથવા પુતળા દેખાડવા નહી ;

(ઙ) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેર કરવાના બિભત્સ સુત્રો પોકારવા નહીં, અશ્લિલ ગીતો ગાવા નહીં અથવા ટોળામાં ફરવું નહીં ;

(ચ) જેનાથી સૂરૂચી નિતિનો ભંગ થાય તેવું ભાષણ કરવું નહીં, તેવા હાવભાવ કરવા નહી, તથા તેવા ચિત્રો પત્રિકા, પ્લેકાર્ડ અથવા બીજા કોઇ પદાર્થો અથવા વસ્તુઓ તૈયાર કરવી નહીં બનાવવી નહીં તેનો ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં.—

(૧) સરકારી નોકરીનું કામકાજ કરતી કોઈ વ્યકિત તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા તેવું કોઈ હથિયાર લઈ જવાની ફરજ હોય ;

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી અથવા જિલ્લા પોલીસ અધિકારીશ્રી તેમણે અધિકૃત કરેલ કોઈ પોલીસ અધિકારી કે જેને શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને ઓછામાં ઓછા ૪ (ચાર) માસ અને વધુમાં વધુ ૧ (એક) વર્ષની કેદની સજા થશે. આ મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૧૩૫ (૧) મુજબ દંડની પણ સજાને પાત્ર થશે.

આજ રોજ તારીખ ૯મી ડિસેમ્બર ૧૯૯૪ના રોજ મારી સહી અને સિકકો કર્યો.

જે. જી. હીંગરાજીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

———

INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ ૩૭ (૩) અન્વયે બહાર પાડેલ.

ક્રમાંક પોલ / જાહેરનામું / ૫૫૭૪ થી ૫૫૯૫ / ૯૪.—આગામી તા. ૨૦મી ડીસેમ્બર ૧૯૯૪ના રોજ પાદરા તેમજ ડભોઇ નગરપાલિકાઓની ચૂંટણી થનાર હોઈ. સદરહુ સમય દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે જાહેર વ્યવસ્થા જાળવવાના હેતુથી વડોદરા જિલ્લાના પોલીસ કમિશનર, વડોદરા (શહેર) હકુમત સિવાયનો વિસ્તાર એટલે કે વડોદરા જિલ્લાના સમગ્ર ગ્રામ્ય વિસ્તારમાં સુલેહ શાંતિ અને સલામતી જાળવવા અત્યંત જરૂરી હોઈ વ્યકિતઓની મંડળી, સરઘસની મનાઈ કરવાનું મને જરૂરી જણાયું છે.

જેથી, હવે, મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના મુંબઈના ૨૨માં) ની કલમ-૩૭ ની પેટા-કલમ (૩) થી મને મળેલ સત્તાની રૂઈએ હું, જે. જી. હીંગરાજીયા, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, વડોદરા, ઉપરોકત વિસ્તારોમાં તારીખ ૧૨મી ડિસેમ્બર ૧૯૯૪ના ૦૦-૦૦ કલાકથી તારીખ ૨૬મી ડીસેમ્બર ૧૯૯૪ના રોજ ૨૪-૦૦ કલાકના સમય દરમ્યાન,

(૧) ચાર કરતાં વધુ વ્યકિતઓએ ભેગા થવું નહી.

(૨) સભા ભરવી નહી કે બોલાવવી નહી.

વધુમાં હું આદેશ કરું છું કે આ હુકમ નીચેનાઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકરીમાં અથવા રોજી પર હોય તે વ્યકિતને;
(૨) કોઇ લગ્નના વરઘોડાને;
(૩) ફરજ પર હોય તેવી ગૃહરક્ષક દળની વ્યકિતઓને,
(૪) કોઇપણ સ્મશાનયાત્રાને,
(૫) કોઇપણ રાષ્ટ્રીય કાર્યક્રમને.

આ હુકમમાંથી સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી તેઓના મુખ્ય મથક વિસ્તાર માટે તથા તાલુકા એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, તેઓના તાલુકા વિસ્તાર માટે મુકિત આપી શકશે, એટલે કે સરઘસ તથા સભા અંગેની પરવાનગી અંગે સ્થાનિક પરિસ્થિતિ તથા પોલીસ ખાતાનો અભિપ્રાય મેળવી આપવાનો રહેશે.

આ હુકમનો કોઇપણ ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સદરહુ અધિનિયમની કલમ-૧૩૫ ની પેટા-કલમ (૩) મુજબ અને ભારતીય ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના (સને ૧૮૬૦ના ૪૫માં) ની કલમ- ૧૮૮ મુજબ સજાને પાત્ર થશે.

આજ તારીખ ૯મી નવેમ્બર ૧૯૯૪ના રોજ મારી સહી સિકકો કરી આપ્યો.

જે. જી. હીંગરાજીયા,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
વડોદરા.

———

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 168

REGISTERED No. G-BA-14-E

C

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, DECEMBER 15, 1994 / AGRAHAYANA 24, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

નંબર ચૂંટણી / ન.પા./પાદરા-ડભોઈ / વશી/૫૯૨૯/૯૪.—નામદાર ગુજરાત સરકારશ્રીના પંચાયત એને આરોગ્ય વિભાગના ઠરાવ ક્રમાંક એમયુએમ/૩૧૭૨/૫૩૯૯/ડીએન. તારીખ ૨૩મી જુન, ૧૯૭૨થી મળેલ અધિકારની રૂએ હું, આઈ. પી. ગૌતમ, કલેકટર, વડોદર આથી ડભોઈ નગરપાલિકા તથા પાદરા નગરપાલિકાની ચૂંટણી તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૪ને મંગળવારના દિવસે યોજનાર હોઈ આ દિવસે નગરપાલિકા ડભોઈ અને નગરપાલિકા પાદરાના સ્થાનિક વિસ્તાર પુરતી "સ્થાનિક રજા" જાહેર કરુ છું.

વડોદરા, તારીખ ૧૫મી ડિસેમ્બર ૧૯૯૪.

આઈ. પી. ગૌતમ,
કલેકટર, વડોદરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, BARODA.

INDEX

Extra No. 169 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, DECEMBER 16, 1994 / AGRAHAYANA 25, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ, સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ. બી./ઉગપક/જાહેરનામું/૪૬૯૭/૯૪.—મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭(૧) અન્વયે મને મળેલ સત્તાની રૂઇએ હું, હીરાલાલ (આઇ. પી. એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરની હાલની પરિસ્થિતિને લક્ષમાં રાખી જાહેર શાંતિ અને સલામતિ જાળવવા સારું આથી હું ફરમાવું છું કે, વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૪ ના કલાક ૨૪-૦૦ સુધી કોઇએ—

(ક) કોઇ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, અને બંદુક જેવા સાધનો કે ચીજથી હિંસા થઇ શકે તેવી કોઇ વસ્તુ લઇ જવી કે કબજામાં રાખવી નહીં;

(ખ) પથ્થરો અથવા ફેંકવાનાં સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહીં;

(ગ) કોઇ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઇ જવો નહીં;

(ઘ) કોઇ શબ આકૃતિ કે પૂતળા દેખાડવા નહીં;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઇ જવી નહીં;

(છ) અપમાન કરવાના ઈરાદાથી કે બદનામ કરવાનાં ઈરાદાથી જાહેરમાં સૂત્રો પોકારવાં નહીં અથવા ટોળામાં ફરવું નહીં.

(જ) જેનાથી સૂરૂચિ અથવા ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહીં. તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઇ ચીજવસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહીં અગર ફેલાવો કરવો નહીં.

આ હુકમનો ખંડ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી :—

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઇ હથિયાર લઇ જવા ફરમાવ્યું હોય અગર હથિયાર લઇ જવાની ફરજ હોય તેમજ પરવાનેદાર વ્યકિતને,

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઇ અધિકારી જેની શારીરીક અશકિતને કારણે લાકડી લઇ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

મેં આજ તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૪ના રોજ મારી સહી કરી સિક્કા મારેલ છે.

હિરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

INDEX

જાહેરનામું

મુંબઇ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨માં અધિનિયમની કલમ-૩૭ (૧) બી મુજબનો.

ક્રમાંક એસ.બી./ઉગપક/જાહેરનામું/૪૬૯૮/૯૪.—વડોદરા શહેરમાં ધાર્મિક તહેવારો આવતા હોય શહેરમાં કેટલાક ઈસમો, બાળકો, છોકરાઓ, કોમી સંવેદનશીલ વિસ્તારમાં સલામતી જોખમાય તે રીતે ક્રિકેટની રમત રમી રમાડી શેરીઓ, ગલીઓમાં કે જાહેર માર્ગો ઉપર ટ્રાફીકને અડચણ થાય તે રીતેનો વ્યવહાર વર્તન કરતા હોય તેના કારણે સુલેહ શાંતિ જોખમાય તે સંભવ હોય આથી આ કૃત્ય અટકાવવું ખુબજ જરૂરી હોય, તેથી.—

હું, હીરાલાલ (આઇ.પી. સી.) પોલીસ કમિશનર, વડોદરા શહેર, મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ની કલમ ૩૭(૧) બી મુજબ મને મળેલ સત્તાની રૂએ ફરમાવું છું કે, શહેરનાં પોલીસ કમિશનર વિસ્તારમાં તારીખ ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૪ના કલાક ૦૦-૦૦થી તારીખ ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૪ના કલાક ૨૪-૦૦ સુધી કોઈપણ ઈસમ, બાળકો, છોકરાએ વિગેરે સરીયામ રોડ રસ્તા કે જાહેર માર્ગો ગલીઓમાં ક્રિકેટની રમત રમવી કે રમાડવી નહી અથવા તેવી કોઇ પ્રવૃત્તિ કરવી નહી.

મેં આજ તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૪ના રોજ મારી સહી કરી સીકકો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra., No. 170 REGISTERED No. G-BA-14-

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] MONDAY, DECEMBER 19, 1994 / AGRAHAYANA 28, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઇ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭(૧) અન્વયેનો.

નંબર પીઓએલ/વશી/૪૨૭૮-૪૩૩૩.—આગામી તારીખ ૧૮મી ડીસેમ્બર. ૧૯૯૪ના રોજ ડાકોર મુકામે મેળો ભરાનાર છે તથા તારીખ ૨૦/૧૨/૯૪ ના રોજ અન્ત્રેના જિલ્લામાં નગરપાલિકાઓની ચૂંટણીઓ યોજાનાર હોઇ તે બાબતોને અનુલક્ષીને જિલ્લાની પરિસ્થિતિ ધ્યાને લેતા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને જીલ્લાના સંવેદનશીલ અને અતિ- સંવેદનશીલ વિસ્તારોમાં તેના અનુસંધાનમાં કોઈ અવળા પ્રત્યાઘાત ન પડે તે માટે ઉકત કાયદાની કલમ ૩૭ (૧)મુજબ જાહેરનામું બહાર પાડવું જરુરી જણાય છે.

વાસ્તે હું જે. એમ. લુણી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમ, કલમ ૩૭ (૧)થી મને મળેલ અધિકારની રૂઇએ સમગ્ર ખેડા જિલ્લામાં તારીખ ૧૮મી ડિસેમ્બર ૧૯૯૪ થી તારીખ ૩૧મી ડિસેમ્બર ૧૯૯૪ સુધી (બંને દિવસો સુદ્ધાંત) નીચેના કૃત્યો કરવાની મનાઈ ફરમાવું છું.

(૧) હથિયાર, તલવાર, ભાલા, ધોકા, બંદુક, છરા, લાકડી કે લાઠી, સળગતી મશાલ અથવા હથિયારો કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે રાખી ફરવાનું;

(૨) કોઈપણ ક્ષયકારી પદાર્થ અથવા સ્ફોટક પદાર્થ સાથે રાખી ફરવાનું,

(૩) પથ્થરો અથવા ફેંકી શકાય તેવી બીજી વસ્તુઓ અથવા તે વસ્તુઓ ફેંકવાના કે ધકેલવાના યંત્રો અથવા સાધનો લઈ એકઠા તથા તૈયાર કરવાનું;

(૪) મનુષ્યો અથવા શબ તેમજ પુતળાં દેખાડવાનું;

(૫) અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું;

(૬) જેનાથી સૂરૂચી અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાનું તથા તેવા ચિત્રો, પ્રતિકો કે ગ્રેકાર્ડો અથવા બીજા કોઈપણ પદાર્થ અથવા વસ્તુ તૈયાર કરવાનું, બતાવવાનું તથા ફેલાવો કરવાનું,

વિસ્તાર.—સમગ્ર ખેડા જિલ્લો.

અપવાદ.—આ હુકમનો ખંડ(૧) નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં:—

(૧) સરકારી નોકર કે કામ કરતી કોઈપણ વ્યકિત કે જેને તેના ઉપરી અધિકારીએ આવું કોઈપણ હથિયાર સાથે લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા કોઈ હથિયાર લઈ જવાની જેની ફરજ હોય.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ-ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી, જિલ્લા પોલીસ અધિકારીશ્રી કે તેમણે અધિકૃત કરેલા કોઈપણ પોલીસ અધિકારીઓ કે જેને શારીરિક અશકિતને કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિત.

આ જાહેરનામાનો કોઈપણ ખંડનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૫મી ડીસેમ્બર ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

જે. એમ. લુણી,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
ખેડા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra N60.-171 REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] THURSDAY, DECEMBER 22, 1994 / PAUSA 1, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૭ (૧) અન્વયેનું.

નંબર પીઓએલ./જાહેરનામું ૩૭ (૧) ૯૪.—તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૪ ના રોજ જિલ્લામાં મોડાસા હિમતનગરની નગરપાલિકાઓની ચૂંટણીઓ યોજાનાર હોઈ તેમજ તારીખ ૨૧મી ડિસેમ્બર ૧૯૯૪ ના રોજ નાતાલનો તહેવાર ઉજવવા માં આવતા હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે ;

વાસ્તે હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિમતનગર, સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૧) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૮મી ડિસેમ્બર ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી સમગ્ર જિલ્લામાં નીચેના કૃત્યોની મનાઈ ફરમાવું છું :—

૧. શસ્ત્રો, દંડા, તલવાર, ભાલા, સોટા, ટોટા, બંદુક, ચપ્પુ, લાકડી કે લાઠી કે જેનાથી શારીરિક ઈજા કરી શકાય તે સાથે ફરવાનું ;

૨. પથ્થરો, અથવા સ્ફોટક પદાર્થો સાથે ફરવાનું ;

૩. પથ્થરો અથવા બીજા શસ્ત્રો અથવા ફેંકવાના કે નાખવાના કે ધકેલવાના શસ્ત્રો અથવા સાધનો સાથે લઈ જવાનું, ફરવાનું કે એકઠા કરવાનું તથા તૈયાર કરવાનું ;

૪. કોઈ સરઘસમાં જલતી કે પેટાવેલી મશાલ લઈ જવાનું ;

૫. વ્યકિતઓ અથવા તેનું શબ, આકાર અથવા પુતળા દેખાડવાનું, સૂત્રો પોકારવાનું અથવા અશ્લીલ ગીતો ગાવાનું ;

૬. અપમાન કરવાના અથવા જાહેર કરવાના ઈરાદાથી જાહેરમાં બિભત્સ સુત્રો પોકારવાનું, જેનાથી સુરૂચિ અથવા નીતિનો ભંગ થાય તેવું ભાષણ કરવાની તથા હાવભાવ અથવા ચેષ્ટા કરવાનું ; તથા પત્રો, પત્રીકાઓ, પ્લેકાર્ડ અથવા તેનો ફેલાવો કરવાનું.

આપવાદ :— આ હુકમનો ખંડ-૧ નીચેની વ્યકિતઓને લાગુ પડશે નહીં :—

૧. સરકારી નોકર કે કામ કરતી વ્યકિતઓ કે જેના ઉપરી અધિકારીએ આવું કોઈ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય અથવા આવું, કોઈ હથિયાર સરકારી ફરજ બજાવવા સાથે રાખવાનું આવશ્યક હોય

INDEX

૨. જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી, સબ ડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રી અથવા તેઓએ અધિકૃત કરેલા કોઈ પણ અધિકારીશ્રીએ જે તે શારીરિક અશકિતના કારણે લાકડી કે લાઠી લઈ જવાની પરવાનગી આપી હોય તે વ્યકિતઓ ;

૩. કોઈ ધાર્મિક તહેવારની ઉજવણી માટે આ જાહેરનામામાં ઉલ્લેખ કરેલ હથિયારો પૈકીના હથિયારોધાર્મિક રીવાજોને અનુરૂપ ઉપયોગ કરવા માટે જિલ્લા પોલીસ અધિકારીશ્રી અથવા જે તે વિસ્તારના સબડીવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી કે એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટશ્રીએ અગાઉથી લેખિત મંજૂરી આપી હોય તેવી સંસ્થા કે વ્યકિતઓ.

૪. આ જાહેરનામાનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર અથવા કરાવનાર શખ્સો ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ (૧) હેઠળ ઓછામાં ઓછી ચાર માસ કે વધુમાં વધુ એક વર્ષની સજા અને દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪ના રોજ મારી સહી તથા સિક્કો કરી આપ્યો.

પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ ની કલમ-૩૭ (૩) અન્વયેનું.

નંબર પીઓએલ./જાહેરનામું ૩૭ (૩)૯૪.—તારીખ ૨૦મી ડિસેમ્બર ૧૯૯૪ના રોજજિલ્લામાં મોડાસા ,હિંમતનગરની નગરપાલિકાઓની ચૂંટણીઓ યોજાનાર હોઈ તેમજ તારીખ ૨૫મી ડિસેમ્બર ૧૯૯૪ના રોજ નાતાલનો તહેવાર ઉજવવામાં આવનાર હોઈ સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી માટે તકેદારીના પગલાં રૂપે નીચે મુજબનો હુકમ કરવો જરૂરી છે.

વાસ્તે હું, પી. કે. શાહ, અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, સાબરકાંઠા જિલ્લો, હિંમતનગર સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૭ (૩) થી મને મળેલ અધિકારની રૂએ આથી સાબરકાંઠા જિલ્લામાં સમગ્ર વિસ્તારમાં તારીખ ૧૮મી ડિસેમ્બર ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧લી જાન્યુઆરી ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે માણસોએ ભેગા થવું નહીં. અથવા કોઈ સભા ભરવી કે બોલાવવી નહીં, તેમજ સરઘસ કાઢવું નહીં.

ખુલાસો :—આ હુકમ જે માણસ સરકારી નોકરીમાં અથવા કામગીરીમાં હોય તેમજ હોમગાર્ડ કે જેઓ સરકારી ફરજ ઉપર હોય તેને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનારને સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અથવા ભારતના ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ના ૪૫ માં અધિનિયમની કલમ-૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૪ ના રોજ મારી સહી તથા કચેરીનો સિક્કો કરી આપ્યો.


પી. કે. શાહ,
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ,
સાબરકાંઠા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra No. 172 REGISTERED No. G-





The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] WEDNESDAY, DECEMBER 28, 1994 / PAUSA 7, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ની કલમ-૩૩(૧) (ફ) અન્વયેનો.

નંબર પી.ઓ.અલ.-વશી-૪૩૪૮.—જિલ્લા પોલીસ વડાશ્રી, ખેડા(દ) આણંદનાએ તેમના તારીખ ૨૨મી ડીસેમ્બર ૧૯૯૪ના પત્ર નં. સી. બી.-પના જાહેરનામું/૨૩૯૬૭ : ૧૯૯૪થી મોજે આહીમા તાલુકા આણંદ મુકામે ફાયરીંગ બટ ઉપર જિલ્લાના પોલીસ અધિકારી-ક્રીઓની સને ૧૯૯૪ની વાર્ષિક ગોળીબાર પ્રેકટીસ તારીખ ૨૬મી ડીસેમ્બર ૧૯૯૪ થી ૩૦મી ડીસેમ્બર ૧૯૯૪ દરમ્યાન રાખેલ હોઈ આ સમય દરમ્યાન જાહેર જનતાની સલામતિ જળવાઈ રહે તે હેતુસર ફાયરીંગ બટ વિસ્તારમાં અવર-જવર બંધ કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા વિનંતિ કરેલ છે.

સબબ હું જી. સી. મુર્મુ, આઈ. એ. એસ., જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા સને ૧૯૫૧ના મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૩૩(૧) (ફ) થી મને મળેલ સત્તાની રુએ મોજે આહીમા, તાલુકા આણંદ ખાતેના ફાયરીંગ બટના એક. કિ. મી. ના વિસ્તારમાં તારીખ ૨૬મી ડીસેમ્બર ૧૯૯૪ થી તારીખ ૩૦મી ડીસેમ્બર ૧૯૯૪ દરમ્યાન (બંને દિવસો સુધ્ધાંત) પશુઓ તથા માણસોની હેરાફેરી તથા જાહેર ઉપયોગમાં બંધ કરવા હુકમ કરું છું.

સદરહુ કેમ્પ દરમ્યાન જાહેર જનતાને ફાયરીંગ બટના એક કી. ના વિસ્તારમાં વગર પરવાનગીએ પ્રવેશ કરવો નહી, પોતાના આશ્રિત પશુઓ વગેરેને આ સ્થળેથી દૂર રાખવા તથા જગ્યામાં પશુઓ અવર-જવર કરે નહી તેની તકેદારી રાખવી.

સદરહુ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યકિત મુંબઈ પોલીસ અધિનયમ, ૧૯૫૧ની કલમ-૧૩૧ હેઠળ શિક્ષાને પાત્ર થશે.

આજ તારીખ ૨૬મી ડીસેમ્બર ૧૯૯૪ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કો કરી આપ્યો.

જી. સી. મુર્મુ.
જિલ્લા મેજિસ્ટ્રેટ, ખેડા.

Supple. C. G. I.—Extra—172/1

PRINTED AT THE GOVERNMENT PRESS, BARODA.

INDEX

Extra No. 173

REGISTERED No. G—BA-14

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] FRIDAY, DECEMBER 30, 1994 / PAUSA 9, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I

SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

કલેકટર દ્વારા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫-જીજી-ક્યુઅોલ-રીગ્રાન્ટ-૨૯ :—જે અર્થે કલેકટરશ્રી, પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુઅોલ-૯૦-૪૮૪-૩૩૩૦તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૦ જે અન્વયે મે. ભાવના કન્સ્ટ્રકશન કું. ને મોજે આસાયડી તાલુકો ગોધરા ના સર્વે નંબર ને લાગુ મેશરી નદી પટ્ટ પૈકી ૨-૫૦-૦૦ હેકટર વિસ્તારમાંથી સામાન્યરીતે ખનીજ કાઢવા ૩ વરસથી મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૭મી ઓગસ્ટ ૧૯૯૦ થી મંજુર કરી આપવામાં આવેલ હતું જેનું કરારખત તારીખ ૨૬મી નવેમ્બર ૧૯૯૦ ની અસર થી ૩ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું જેની મુદત તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૩ ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટેદારશ્રીએ નિયમોનુસાર રીન્યુઅલ અરજી કરેલ ન હોવાથી" જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો ૧૯૬૬ ના નિમમ-૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગત નો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખ થી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જીલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
આસાયડી	ગોધરા	પંચમહાલ	મેશરી નદી પટ્ટ પૈકી	૨ ૫૦ ૦૦

ગોધરા, તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૪.

એ. એસ. સુતરીયા,
(આઈ.એ.એસ.) કલેકટર,
પંચમહાલ, ગોધરા.

INDEX

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬.

ક્રમાંક ઉમક-૫/જીજી/ક્યુએલ/રીગ્રાન્ટ-૩૦.—જે અર્થે કલેકટરશ્રી પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-રેતી-૮૦૮-૫૫૬૧ જે અન્વયે શ્રી રાજેન્દ્રકુમાર ઉદેસિંહ સોલંકી-ને મોજે રતનપુર રેલીમાં તાલુકો ગોધરાના સર્વે નંબર ૨,૨૪૧ને લાગુ મેશરી નદી પટ પૈકી ૧-૩૫-૦૦ હેકટર વિસ્તાર માંથી સામાન્ય રેતી ખનીજ કાઢવા ત્રણ વરસથી મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૨૨મી ઓકટોબર ૧૯૯૧ થી મંજુર કરી આપવામાં આવેલ હતું જેનું કરારખત તારીખ ૧૭મી સપ્ટેમ્બર ૧૯૯૧ ની અસરથી ત્રણ વરસની મુદત માટે કરવામાં આવેલ હતું. જેની મુદત તારીખ ૧૬મી સપ્ટેમ્બર ૧૯૯૪ ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટેદાર શ્રી એ કવોરીલીઝ રીન્યુઅલ અરજી રજુ કરેલ ન હોવાથી"

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ ના નિયમ-૧૮ (૧) ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગતનો વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જીલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
રતનપુર રેલીયા	ગોધરા	પંચમહાલ	૨,૨૪૧ને લાગુ મેશરી નદી પટ્ટો પૈકી.	૧ ૩૫ ૦૦

ગોધરા, તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૪

એ. એસ. સુતરીયા,
(આઈ.એ.એસ.) કલેકટર,
પંચમહાલ, ગોધરા

જાહેરનામું

ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬

ક્રમાંક ઉમક-૫-જીજી-ક્યુએલ-રીગ્રાન્ટ-૩૧.—જે અર્થે કલેકટરશ્રી પંચમહાલ તેમની કચેરીના આદેશ નંબર જીજી-ક્યુએલ-૯૦-૪૫-૪૩૩૭ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૦ જે અન્વયે મે. ભાવના કન્સ્ટ્રકશન કું. ને મોજે આસાયડી તાલુકો ગોધરાના સર્વે નંબર ૪૪૨, ૪૪૩ ને લાગુ મેશરી નદી પટ પૈકી ૧-૧૦-૦૦ હેકટર વિસ્તારમાંથી આ રેતી ખનીજ કાઢવા ૩ વરસથી મુદતથી કવોરીલીઝ ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ મુજબ તારીખ ૬ઠ્ઠી ઓકટોબર ૧૯૯૦ થી મંજૂર કરી આપવામાં આવેલ હતું જેનું કરારખત તારીખ ૨૬મી નવેમ્બર ૧૯૯૦ ની અસર થી ૩ વરસની મુદત.માટે કરવામાં આવેલું હતું જેની મુદત તારીખ ૨૫મી નવેમ્બર ૧૯૯૩ ના રોજ પુરી થયેલ છે.

"પટ્ટેદારશ્રી એ કવોરીલીઝ રીન્યુઅલ અરજી કરેલ ન હોવાથી"

જેથી હવે ગુજરાત ગૌણ ખનીજ ધારો, ૧૯૬૬ના નિયમ ૧૮ (૧)ની હેઠળ વિસ્તાર જાહેર કરવાનો પાત્ર થતો હોઈ નીચે પરિશિષ્ટમાં દર્શાવેલ વિગત વિસ્તાર આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસો બાદ ખુલ્લો જાહેર કરવામાં આવે છે. જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ૩૦ દિવસોની અંદર આવેલી અરજીઓ અપરિપકવ ગણવામાં આવશે.

પરિશિષ્ટ

ગામ	તાલુકો	જીલ્લો	સર્વે નંબર	વિસ્તાર (હેકટરમાં)
આસાયડી	ગોધરા	પંચમહાલ	૪૪૨, ૪૪૩ ને લાગુ મેશરી નદી પટ્ટ પૈકી	૧ ૧૦ ૦૦

ગોધરા, તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર ૧૯૯૪.

એસ. એસ. સુતરીયા,
(આઈ.એ.એસ.) કલેકટર,
પંમહાલ, ગોધરા.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX

Extra N6o. 174

REGISTERED No. G-BA-14-E

C

सत्यमेव जयते

The Gujarat Government Gazette

EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXXV] SATURDAY, DECEMBER 31, 1994 / PAUSA 10, 1916

Separate paging is given to each part of the Supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

પોલીસ કમિશનર દ્વારા

જાહેરનામું

મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમની કલમ ૩૭ (૧) (૩). મુજબનો.

ક્રમાંક એસ.બી. / ઉગપક / જાહેરનામું / ૪૮૫૩ / ૯૪.—વડોદરા શહેરમાં પોલીસ કમિશનરની હકુમત હેઠળ વડોદરા શહેરનાં નીચેના વિસ્તારોમાં જાહેર સુલેહ શાંતી જાળવવાની જરૂર જણાય છે.

વાસ્તે હું હીરાલાલ (આઈ.પી.એસ.), પોલીસ કમિશનર, વડોદરા શહેરની મુંબઈ પોલીસ અધિનિયમ (સને ૧૯૫૧ના ૨૨મા) અધિનિયમની કલમ ૩૭ (૧) (૩) થી મને મળેલ અધિકારની રૂએ હું ફરમાવું છું કે, નીચે જણાવેલ વિસ્તારમાં તારીખ ૨૯મી ડિસેમ્બર ૧૯૯૪ના કલાક ૦૦-૦૦ થી તારીખ ૧૨મી જાન્યુઆરી ૧૯૯૪ કલાક ૨૪-૦૦ સુધી ચાર કરતાં વધારે વ્યકિતઓ ભેગા થવું નહીં. અગર સભા ભરવી કે બોલાવવી નહી. તેમજ કોઈ સરઘસ કાઢવું નહીં.

વિસ્તાર.—વડોદરા શહેર પોલીસ કમિશનર હકુમત હેઠળનો સનગ્ર વિસ્તાર.

ખુલાસો.—રસ્તાની ફુટપાથનો પણ આમાં સમાવેશ થાય છે.

આપવાદ.—આ હુકમમાંથી જેઓને અત્રેની કચેરીએથી ધાર્મિક વરઘોડાની પરવાનગી તેમજ જે માણસ સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય, તેમજ લગ્નનાં વરઘોડા અને સ્મશાનયાત્રાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનારને સને ૧૯૫૧નાં મુંબઈ પોલીસ અધિનિયમની કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમ સને ૧૯૬૦ની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૮મી ડિસેમ્બર ૧૯૯૪નાં રોજ મારી સહી કરી સિક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર, વડોદરા શહેર.

———

INDEX

હુકમ

મુંબઈ પોલીસ અધિનિયમ, ૧૯૫૧ (સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમ)ની કલમ. ૩૭(૧) અન્વયે કાઢેલ.

ક્રમાંક એસ.બી./ઉ-ગપક/જાહેરનામું / ૪૮૭૬/૯૪.—મુંબઈ પોલીસ અધિનિયમ સને ૧૯૫૧ના ૨૨મા અધિનિયમ કલમ ૩૭ (૧) અન્વયે મને મળેલ સત્તાની રૂએ હું હીરાલાલ (આઈ.પી.એસ.) પોલીસ કમિશનર, વડોદરા શહેર.

વડોદરા શહેરમાં આગામી વિધાનસભાની ચુંટણીને લક્ષમાં રાખી જાહેર સુલેહ શાંતિ અને સલામતી જાળવવા સારૂ આથી હું ફરમાવું છું કે, વડોદરા શહેરનો સમગ્ર વિસ્તાર એટલે કે પોલીસ કમિશનર, વિસ્તારમાં તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૪ના કલાક. ૦૦-૦૦થી તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૫ના કલાક ૨૪-૦૦ સુધી કોઈએ.

(ક) કોઈ પ્રકારનાં શસ્ત્રો, તલવાર, ભાલા, લાકડી, બંદુક અને તેવા સાધનો કે ચીજથી હિંસા થઈ શકે તેવી કોઈ વસ્તુ લઈ જવી કે કબજામાં રાખવી નહિ;

(ખ) પથ્થરો અથવા ફેંકવાનાં સાધનો એકત્રીત કરવા કે તૈયાર કરવા નહિ;

(ગ) કોઈ ભયાનક પદાર્થ કે સ્ફોટક પદાર્થ લઈ જવો નહી;

(ઘ) કોઈ શબ્દ, આકૃતિ કે પૂતળા દેખાડવા નહિ;

(ચ) સરઘસમાં સળગતી મશાલ લઈ જવી નહિ;

(છ) અપમાન કરવાનાં ઈરાદાથી કે બદનામ કરવાનાં ઈ... જાહેરમાં સુત્રો પોકારવા નહિ. અથવા ટોળામાં ફરવું નહિ.

(જ) જેનાથી સુરૂચિ અથવા નીતીનો ભંગ થાય તેવી ચેષ્ટા કરવી નહિ. તેવા ચિત્રો કે પ્લેકાર્ડો કે પત્રિકાઓ અથવા કોઈ ચીજ વસ્તુ કે પદાર્થ તૈયાર કરવો નહી. અગર ફેલાવો કરવો નહી.

આ હુકમનો ભંગ (ક) નીચેની વ્યકિતઓને લાગુ પડતો નથી.

(૧) સરકારી નોકર કે તેવું કામ કરતી વ્યકિતઓ કે તેવું કામ ઉપરી અધિકારીએ આવું કોઈ હથીયાર લઈ જવા ફરમાવ્યું હોય અગર હથીયાર લઈ જવાની ફરજ હોય તેવી વ્યકિતને.

(૨) જિલ્લા મેજિસ્ટ્રેટ અથવા અધિકૃત કરેલ કોઈ અધિકારી જેની શારીરિક અશકિતના કારણે લાકડી લઈ જવાની પરવાનગી આપેલ હોય તે વ્યકિતને.

આ જાહેરનામાનો ભંગ કોઈપણ ખંડ અથવા ઉલ્લંઘન કરનારને ઈ.પી.કો.. કલમ—૧૮૮ મુજબ એક માસની સજા અથવા રૂ. ૨૦૦ દંડને પાત્ર થશે.

મેં આજ તારીખ ૨૯મી ડિસેમ્બર ૧૯૯૪ ના રોજ મારી સહી કરી સીક્કો મારેલ છે.

હીરાલાલ,
પોલીસ કમિશનર,
વડોદરા શહેર.

PRINTED AT THE GOVERNMENT PRESS, VADODARA.

INDEX